RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 266 Dt. 11-04-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# F-1 VISA યુએસમાં કામ કરવું બનશે અશક્ય




## ફેરનેસ ફોર હાઈ-સ્કિલ્ડ અમેરિકન્સ એક્ટ ઓફ ૨૦૨૫ નામનું બિલ કર્યું રજૂ

નવીદિલ્હી, તા. ૧૦

વધતી જતી અનિશ્ચિતતા અને દેશનિકાલના ભયથી અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના એક નવા જૂથને અસર થવા લાગી છે - જેઓ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (જીઝઊખ) માં ડિગ્રી મેળવી રહ્યા છે. યુએસ કોંગ્રેસમાં એક બિલ રજૂ કરવામાં આવ્યા બાદ આ ચિંતા ઉભી થઈ છે જે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઘઙઝ) પ્રોગ્રામને નાબૂદ કરવાનો પ્રયાસ કરે છે, જે હાલમાં ҙ-૧ વિઝા પરના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ઓને તેમના અભ્યાસના ક્ષેત્ર સાથે સંબંધિત કામચલાઉ કાર્ય અનુભવ મેળવવાની મંજૂરી આપે છે. ટ્રમ્પ વહીવટીતંત્ર વિદ્યાર્થીઓ પર નજર રાખવા અને નાના ઉલ્લંઘન માટે પણ વિદ્યાર્થી વિઝા રદ કરવા માટે અંઈ ટૂલ્સનો ઉપયોગ કરી રહ્યું છે તે વચ્ચે આ વાત સામે આવી છે.

ઘઙઝ પ્રોગ્રામ આંતરરાષ્ટ્રીય જીઝઊખ સ્નાતકોને તેમની ડિગ્રી પૂર્ણ કર્યા પછી ત્રણ વર્ષ સુધી યુએસમાં કામ કરવાની મંજૂરી આપે છે. જો આ બિલ પસાર થઈ જાય, તો આ વિદ્યાર્થીઓ - જેમાંથી ઘણા ભારતીય છે - ઈ-૧ઈ વિઝા ન મેળવે ત્યાં સુધી તેમને અમેરિકા છોડવાની ફરજ પડી શકે છે. ઈ-૧ઈ રૂટ પણ વધતી જતી ચકાસણીનો સામનો કરી રહ્યો છે. ઓપન ડોર્સ ૨૦૨૪ ના અહેવાલ મુજબ, યુએસમાં ૩૦૦,૦૦૦ થી વધુ ભારતીય વિદ્યાર્થીઓમાંથી એક તૃતીયાંશ ઘઙઝ પ્રોગ્રામમાં નોંધાયેલા હતા. જ્યારે ઘઙઝ કાર્યક્રમ શૈક્ષણિક અને વ્યાવસાયિક બંને વિદ્યાર્થીઓ માટે વ્યવહારુ અનુભવ પૂરો પાડે છે, ત્યારે તેને સંભવિત રીતે દૂર કરવાથી યુએસમાં લાંબા ગાળાની રોજગારીના માર્ગો નોંધપાત્ર રીતે મર્યાદિત થશે. વિકલ્પ, ઈ-૧ઈ વિઝા, ખૂબ જ સ્પર્ધાત્મક છે અને વાર્ષિક મર્યાદા ધરાવે છે, જે તેને ઘણા લોકો માટે અનિશ્ચિત વિકલ્પ બનાવે છે. સ્ટેનફોર્ડ, કોલંબિયા, ડ્યુક અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા જેવી ટોચની યુએસ યુનિવર્સિટીઓ તેમના જીઝઊખ કાર્યક્રમો માટે પ્રખ્યાત છે અને દર વર્ષે હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આકર્ષે છે.

ઘઙઝ કાર્યક્રમ ૧૯૪૭ માં રજૂ કરવામાં આવ્યો હતો જેથી વિદેશી વિદ્યાર્થીઓને યુએસમાં કામ કરવાની મંજૂરી મળે જો રોજગાર જરૂરી હોય અથવા તેમની શૈક્ષણિક સંસ્થા દ્વારા ભલામણ કરવામાં આવે. આ ટૂંકા ગાળાના વ્યવહારુ તાલીમ કાર્યક્રમનો સમય જતાં વિસ્તાર થયો. ૨૦૦૮ માં, બુશ વહીવટીતંત્રે જીઝઊખ સ્નાતકો માટે ઘઙઝ ૧૨ મહિનાથી વધારીને ૨૯ મહિના કર્યું. બાદમાં, ઓબામા વહીવટીતંત્રે તેને ૩૬ મહિના સુધી લંબાવ્યું. વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલા નોંધપાત્ર આર્થિક અને તકનીકી યોગદાનને કારણે આ વિસ્તરણ વાજબી હતું.

યુએસ કોંગ્રેસમાં ઘઙઝ ને દૂર કરવાના અગાઉના પ્રયાસો નિષ્ફળ ગયા હતા, પરંતુ ૨૫ માર્ચે ૧૯૯મી યુએસ કોંગ્રેસ (૨૦૨૫-૨૬) માં કોંગ્રેસમેન પોલ ગોસરે ઇછ ૨૩૧૫ તરીકે 'ફેરનેસ ફોર હાઈ-સ્કિલ્ડ અમેરિકન્સ એક્ટ' રજૂ કર્યો હતો. કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ (ઈછજ) ના ૨૦૨૩ ના અહેવાલ મુજબ, યુએસમાં તમામ ҙ-૧ અને ખ-૧ વિદ્યાર્થીઓ અને તાજેતરના સ્નાતકોમાંથી, ૩૪૪,૬૮૬ ને ઘઙઝ પ્રોગ્રામ હેઠળ કામ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા હતા. આ જૂથ યુ.એસ.માં રહેતા તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ઓના ૨૩%નું પ્રતિનિધિત્વ કરે છે - જેમને ઘઙઝ કાર્ય અનુભવ મેળવવા, ઈ-૧ઈ વિઝામાં રૂપાંતરિત કરવા, ગ્રીન કાર્ડ માટે અરજી કરવા અને આખરે યુએસ નાગરિકતા મેળવવાની મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.

# 26/11 હુમલાના માસ્ટર માઈન્ડને મળશે ફાંસી ?




## પ્રત્યાર્પણ પૂર્વે જ અમેરિકાએ મૂકી હતી અનેકવિધ શરતો



નવીદિલ્હી તા. ૧૦

મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ તહવ્વુર હુસૈન રાણા ભારતીય કસ્ટડીમાં છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકાએ ઘણી શરતો મૂકી છે. તેને ફાંસી ન આપી શકાય. ભારત સરકાર તેમને ફક્ત જેલમાં જ રાખી શકે છે. પણ આમાં સત્ય શું છે? શું ખરેખર તેને ફાંસી ન આપી શકાય? ભારત સરકારના ભૂતપૂર્વ ગૃહ સચિવ ગોપાલ કૃષ્ણ પિલ્લઈએ આ અંગે આંતરિક માહિતી આપી છે. પિલ્લઈનું નિવેદન એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ લાંબા સમયથી આ મામલાની તપાસ કરી રહ્યા હતા. મુંબઈ આતંકવાદી હુમલાના છ મહિના પછી જ પિલ્લાઈએ ગૃહ સચિવનો કાર્યભાર સંભાળ્યો, અને તેમની પાસે તેની દરેક વિગતો છે. ગોપાલ કૃષ્ણ પિલ્લઈએ કહ્યું, તહવ્વુર હુસૈન રાણા એ વ્યક્તિ છે જેમણે મુંબઈમાં પોતાની પેઢીની ઓફિસ ખોલી હતી. તેણે ડેવિડ હેડલીને કામ આપ્યું અને પછી તેને ભારત આવવા માટે વિઝા અપાવ્યો. તહવ્વુર હુસૈન રાણા અને ડેવિડ હેડલી ખૂબ જ નજીક હતા અને તે સમગ્ર મામલાથી વાકેફ હતો. તેથી, ભારતમાં તેની પૂછપરછ કર્યા પછી સમગ્ર મામલો બહાર આવશે. હેડલીએ તેને શું કહ્યું હતું તે પણ જાણી શકાશે. તેમણે કહ્યું કે રાણા એ વ્યક્તિ નહોતા જેમણે તાજ હોટેલ અને અન્ય સ્થળોએ જ્યાં આતંકવાદીઓ આવ્યા હતા ત્યાં સર્વે કર્યો હતો.

પિલ્લાઈએ કહ્યું, આ બધું ડેવિડ હેડલીએ કર્યું હતું. આ એ જ વ્યક્તિ હતો જે ભારત આવ્યો હતો, પછી પાકિસ્તાન ગયો અને બધી માહિતી (પાકિસ્તાનમાં આતંકવાદીઓને) શેર કરી. પરંતુ સહ-કાવતરાખોર તરીકે, રાણાને ભારતમાં લગભગ ચોક્કસપણે દોષિત ઠેરવવામાં આવશે અને તેને મૃત્યુદંડ અથવા ૧૦ વર્ષ કે તેથી વધુ સજા થવાની સંભાવના છે. આ આતંકવાદી હુમલાઓમાં પાકિસ્તાનની ભૂમિકા અંગે પિલ્લાઈએ કહ્યું કે ગઈઅ તપાસ દરમિયાન પુષ્ટિ થઈ છે કે પાકિસ્તાનના લોકો તેમાં સામેલ હતા. અમારી પાસે પાકિસ્તાનમાં હાજર અન્ય આરોપીઓ વિશે પણ માહિતી છે, જેમની સામે વોરંટ જારી કરવામાં આવ્યું છે પરંતુ પાકિસ્તાને તેમની સામે કોઈ કાર્યવાહી કરી નથી. ભૂતપૂર્વ ગૃહ સચિવે કહ્યું કે પાકિસ્તાને વારંવાર તપાસમાં અવરોધ ઊભો કર્યો. તેણે ન તો આરોપીઓ પર કેસ ચલાવ્યો કે ન તો તેમને ભારતમાં ટ્રાયલ માટે અમને સોંપ્યા.

અન્ય એક ભૂતપૂર્વ ગૃહ સચિવ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી આરકે સિંહે કહ્યું કે રાણાનું પ્રત્યાર્પણ દેશ માટે એક મોટી સિદ્ધિ છે. આ પ્રત્યાર્પણ અન્ય આતંકવાદીઓને સંદેશ છે કે જો તમે ક્યાંક જઈને કોઈ દેશ પર હુમલો કરો છો, તો તેનો અર્થ એ નથી કે તમે બીજા દેશમાં રહી શકો છો.'' સિંહે કહ્યું, ''તમે જે દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરી છે ત્યાં તમારે ન્યાયનો સામનો કરવો પડશે. આવો સંદેશ આતંકવાદીઓ સુધી પહોંચે તે મહત્વપૂર્ણ છે.'' રાણાની જુબાનીથી ઘણી એવી બાબતો બહાર આવશે જેના વિશે આપણી તપાસ એજન્સીઓ અત્યાર સુધી જાણતી નથી.

### કોંગ્રેસે કહ્યું કે રાણાનું પ્રત્યાર્પણ UPA સરકારના વર્ષોના સખત રાજદ્વારી અને કાનૂની પ્રયાસોનું પરિણામ હતું

# તહવ્વુરના પ્રત્યાર્પણનો BJP લ્યે છે ખોટો શ્રેય: ચિદમ્બરમ

નવીદિલ્હી, તા. ૧૦

૨૬/૧૧ના આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણા ગુરુવારે ભારત પહોંચ્યા ત્યારે કોંગ્રેસે નરેન્દ્ર મોદી સરકાર પર રાણાના પ્રત્યાર્પણનો ખોટો શ્રેય લેવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસે કહ્યું કે રાણાનું પ્રત્યાર્પણ યુપીએ સરકારના વર્ષોના સખત રાજદ્વારી અને કાનૂની પ્રયાસોનું પરિણામ હતું. એક નિવેદનમાં, કોંગ્રેસના નેતા પી ચિદમ્બરમે કહ્યું કે રાણાનું પ્રત્યાર્પણ કોઈ ''મજબૂત નેતા'' ના કારણે નહીં પરંતુ ''વર્ષોની મહેનતથી ચાલતા ન્યાયના ધીમા ચક્ર'' ના કારણે થયું. બુધવારે ન્યૂઝ૧૮ ને આપેલા ઈન્ટરવ્યુમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે રાણાનું ભારત પ્રત્યાર્પણ ''મોદી સરકારની મોટી રાજદ્વારી સિદ્ધિ'' છે. કોંગ્રેસ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે 'જેમની સરકારમાં હુમલા થયા છે તેઓ તેને ભારતમાં પાછા લાવી શકતા નથી.' ચિદમ્બરમે કહ્યું કે તેઓ ખુશ છે કે રાણાને પાછા લાવી શકાય છે, પરંતુ દાવો કર્યો કે સત્ય મોદી સરકાર દ્વારા કરવામાં આવેલા દાવાઓથી ઘણું દૂર છે. ચિદમ્બરમે પોતાના નિવેદનમાં કહ્યું, ''આ પ્રત્યાર્પણ યુપીએ સરકાર દ્વારા અમેરિકા સાથે ગાઢ સંકલનમાં શરૂ કરાયેલા, નેતૃત્વ કરાયેલા અને ટકાવી રાખેલા દોઢ દાયકાના કઠિન રાજદ્વારી, કાનૂની અને ગુપ્તચર પ્રયાસોનું પરિણામ છે.''

મોદી સરકારે ન તો આ પ્રક્રિયા શરૂ કરી કે ન તો કોઈ નવી સફળતા મેળવી તે વાત પર ભાર મૂકતા તેમણે કહ્યું, ''તેને ફક્ત યુપીએ હેઠળ શરૂ કરાયેલી પરિપક્વ, સુસંગત અને વ્યૂહાત્મક રાજદ્વારીનો ફાયદો થયો.'' ચિદમ્બરમના જણાવ્યા મુજબ, આ પ્રક્રિયા ૧૧ નવેમ્બર, ૨૦૦૯ના રોજ શરૂ થઈ હતી, જ્યારે NIAએ ૨૬/૧૧ના કાવતરામાં સામેલ ડેવિડ કોલમેન હેડલી (અમેરિકન નાગરિક), તહવ્વુર રાણા (કેનેડિયન નાગરિક) અને અન્ય લોકો સામે નવી દિલ્હીમાં કેસ નોંધ્યો હતો. ચિદમ્બરમે દાવો કર્યો હતો કે તે જ મહિનામાં, કેનેડાના વિદેશ મંત્રીએ ભારતીય એજન્સીઓ સાથે સહયોગની પુષ્ટિ કરી હતી, ''યુપીએની અસરકારક વિદેશ નીતિને કારણે.'' તેમણે કહ્યું કે જ્યારે શિકાગોમાં ધરપકડ બાદ રાણાને કેટલાક આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા, ત્યારે યુપીએ સરકારે જાહેરમાં નિરાશા વ્યક્ત કરી અને રાજદ્વારી દબાણ જાળવી રાખ્યું.

# પેકેજડ ફૂડ પર લાગશે ચેતવણીના લેબલ

## સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ત્રણ મહિનાની અંદર ભલામણો લાગુ કરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી, તા. ૧૦

ભારતમાં પેકેજ્ડ ફૂડ પર ટૂંક સમયમાં ચેતવણીના લેબલ જોવા મળશે. આમાં, ખાદ્ય પદાર્થમાં મીઠું, ખાંડ અને ચરબીનું પ્રમાણ સ્પષ્ટ રીતે લખેલું હશે, જેથી ગ્રાહક ખાતા પહેલા તેને વાંચી શકે અને નક્કી કરી શકે કે તે જે ખાદ્ય પદાર્થ ખરીદી રહ્યો છે તેની તેના સ્વાસ્થ્ય પર કેટલી અસર પડશે. આ સંદર્ભે, સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ત્રણ મહિનાની અંદર ભલામણો લાગુ કરવાનો નિર્દેશ આપ્યો છે. હવે કેન્દ્ર સરકાર પેક્ડ ફૂડ પર ચેતવણી લેબલિંગ અંગે નિયમો બનાવશે, જેનો અમલ સુપ્રીમ કોર્ટના આદેશ પર કરવામાં આવશે. ભારતમાં ડબ્બાબંધ ખાદ્ય પદાર્થોના વપરાશને કારણે ડાયાબિટીસ, સ્થૂળતા, હૃદય રોગ અને કેન્સરના કેસ ઝડપથી વધી રહ્યા છે. દર ચારમાંથી એક ભારતીય આ રોગોથી પીડિત છે, જેના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી જેમાં પેક્ડ ફૂડ પર ચેતવણી




લેબલ લગાવવા માટે નિર્દેશોની માંગ કરવામાં આવી હતી.

પેકેજ્ડ ફૂડ અનેક રોગોનું કારણ બની રહ્યું છે. કેટલાક અહેવાલોમાં ભારત અને ચીનમાં ઉપલબ્ધ પેકેજ્ડ ફૂડ અન્ય દેશોમાં ઉપલબ્ધ પેકેજ્ડ ફૂડ કરતાં વધુ ખરાબ હોવાનું જાણવા મળ્યું છે. આવી સ્થિતિમાં, ખાદ્ય પદાર્થોમાં ચેતવણી લેબલિંગની મદદથી, ગ્રાહકો પેકેટ પરના ખોરાક વિશે સ્પષ્ટ માહિતી વાંચી શકશે, જેનાથી તેમના માટે ગુણવત્તાયુક્ત ખોરાક પસંદ કરવાનું સરળ બનશે. તે જ સમયે, ચેતવણી લેબલિંગ કંપનીઓ પર ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ખોરાક પૂરો પાડવા માટે દબાણ પણ લાવશે. પેકેજ્ડ ખાદ્ય પદાર્થોને ઓળખવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. કેટલાક દેશોમાં સ્ટાર રેટિંગ સિસ્ટમ છે, જ્યાં પેકેજ્ડ ફૂડને તેની ગુણવત્તા અનુસાર રેટિંગ આપવામાં આવે છે. કેટલીક જગ્યાએ, એક ચેતવણી લેબલ સિસ્ટમ છે જેમાં ગ્રાહકને ખબર પડે છે કે તે જે વસ્તુ ખરીદી રહ્યો છે તેમાં કયા જથ્થામાં શું હાજર છે. થોડા વર્ષો પહેલા, યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલિના દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે હાઇ એલર્ટ લેબલનો ઉપયોગ કરવાથી ઉચ્ચ કેલરી, ઉચ્ચ મીઠું અને ખાંડનું પ્રમાણ ધરાવતા ઉત્પાદનોનું વેચાણ ઘટ્યું હતું.

વિશ્વ આરોગ્ય સંગઠન (ઠઇંઘ) એ ખાદ્ય પદાર્થોમાં ખાંડ, ચરબી, આયોડિન અને મીઠા જેવા તત્વોનું પ્રમાણ ખાદ્ય પેકેટ પર દર્શાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી, વિશ્વના ઘણા દેશોએ તેનો અમલ કર્યો છે. આમાં મેક્સિકો, ચિલી, દક્ષિણ કોરિયા, કેનેડા, યુએસએ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોનો સમાવેશ થાય છે. આ દેશોમાં, તૈયાર ખાદ્ય પદાર્થો પર ચેતવણી લેબલ લગાવવામાં આવે છે. જ્યારે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં સ્ટાર રેટિંગ સિસ્ટમ અમલમાં છે, જોકે નિષ્ણાતો સ્ટાર રેટિંગને યોગ્ય માનતા નથી.

### શૈતાનોની બૂરી નજર અત્ર તત્ર સર્વત્ર હોય છે, તેનાથી બચતા રહો: વધુ બે દૂષ્કર્મ

# બાર વર્ષની બાળાને ફસાવી લગ્નનું નાટક કરી બળાત્કાર

## ઢગો પોતાના ભાઇ, મિત્રની મદદથી બાળાનું અપહરણ કરી ગયો પછી ફુલહાર કરી આપણા લગ્ન થઇ ગયા એવુ જણાવી દેહ પીંખ્યો: ત્રણેયની ધરપકડ

રાજકોટ: દૂષ્કર્મ, પજવણી, છેડતીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. કઇ સગીરા કે યુવતિ કે બાળા કે પછી પરિણીતા ક્યારે કયા લેભાગુની જાળમાં ફસાઇ જાય તે ખબર પડતી નથી. સોશિયલ મિડીયા થકી ફ્રેન્ડશીપ લવશીપની જાળમાં ફસાવનારા લેભાગુઓનો તોટો નથી. બીજી તરફ અનેક એવા કિસ્સા પણ હોય છે જેમાં દૂષ્કર્મ કે શારીરિક ત્રાસ ગુજારનારાઓમાં પોતાના કે પરીચીતો જ સામેલ હોય છે. વધુ બે આવી ઘટના સામે આવી છે જેમાં એક બાળ વર્ષની બાળાને એક હવસખોરે ફસાવી હતી અને બીજા બે જણાની મદદથી અપહરણ કરી લીધુ હતું. મુંબઇ લઇ જઇ આ બાળાને ફુલહાર કરી આપણા હવે લગન થઇ ગયા કહી તેનો દેહ પીંખી નાંખ્યો હતો. હવસખોર સહિત ત્રણને પોલીસે દબોચ્યા છે. બીજા બનાવમાં એક પરિણીતાને પરીચીતે જ ફસાવી વારંવાર દૂષ્કર્મ ગુજાર્યુ છે. એટલુ જ નહિ આ હવસખોર આ મહિલના સંતાનોને મારી નાખવાની પણ સતત ધમકી આપતો હતો.



પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો બનાવ સુરત શહેરમાં બન્યો છે. જેમાં મુળં મુંબઈમાં રહેતા યુવકે સુરતના એક પ્રસંગ દરમિયાન બાર વર્ષની નિર્દોષ બાળકી પર દાનત બગાડી હતી. યુવકે બાર વર્ષની બાળકી સાથે પરિચય વધાર્યો હતો અને એના ભાઈ તથા મિત્રની મદદથી બાળકીનું અપહરણ કરી મુંબઇ લઈ ગયો હતો. જ્યાં બાળકીને ફૂલહાર પહેરાવી લગ્ન થઈ ગયા હોવાનું કહીને બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. મૂળ નેપાળના વતની દેવ ભૈર આઉજી નામના યુવકે થોડા સમય પહેલાં સુરતમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી. એ દરમિયાન તેની મુલાકાત સુરતમાં રહેતી બાર વર્ષની બાળકી સાથે થઈ હતી. ત્યાર બાદ તેણી સાથે મોબાઈલ નંબર આપ-લે કરીને સતત વાતચીત શરૂ કરી હતી. અંતે યુવકે લગ્ન કરવાની લાલચ આપી સુરત રેલવે સ્ટેશન પાસે મળવા બોલાવી હતી. જ્યાં તેની સાથે તેનો ભાઈ રાજન આઉજી અને મિત્ર ગણેશ બક પણ આવ્યા હતા.

ત્યારબાદ ત્રણેય મળીને બાળકીનું અપહરણ કરી મુંબઈ લઈ ગયા હતા. મુંબઈના ઘનસોલી વિસ્તારમાં એક મિત્રના ઘરેથી બાળકી સાથે દેવ આઉજીએ લગ્ન થઈ ગયા છે તેમ કહીને ફૂલનો હાર પહેરાવ્યો હતો અને ત્યાર બાદ મરજી વિરૂદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ દરમિયાન બાળકીના પરિવારજનોએ રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. રાંદેર પોલીસે ફરિયાદ મળતાની સાથે જ ઝડપી કામગીરી હાથ ધરી હતી અને મુંબઈમાં છુપાઈ રહેલા આરોપી દેવ ભૈર આઉજી, રાજન ભૈરે આઉજી અને ગણેશ બકની ધરપકડ કરી હતી. ત્યારે પોલીસે આરોપી દેવ ભૈર આઉજી સામે અપહરણ અને બળાત્કાર જ્યારે રાજન ભૈરે આઉજી અને ગણેશ બક સામે અપહરણ અને મદદગારીની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બાળકીનું નિવદેન લીધા બાદ તમામ પુરાવા ભેગા કરીને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવા તજવીજ શરૂ થઈ હતી.

### બીજા બનાવમાં પરિણીતાને છરીની અણીએ ધમકાવી પરિચીતની વારંવાર હવસખોરી: સંતાનોને મારી નાખવાની પણ ધમકી આપતો હતો

બીજી ઘટના જોઈએ તો આ બનાવ જસદણ પંથકમાં બન્યો છે. અહિની એક પરિણીતાને છરીની અણીએ બે પુત્રોને જાનથી મારી નાખવાની ધમકી આપી પરિચિત શખસે અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું, જે અંગે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે વડોદ ગામના શખસને સકંજામાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કિસ્સામાં ભોગ બનેલી પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તે પોતાના ઘરે એકલા હતા ત્યારે વડોદ ગામના માલા ભકા ચાવડા નામનો શખ્સ ઘરમાં ઘુસી જઈ છરી બતાવી તેણીના બંને પુત્રોને જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. ઘરે અવારનવાર દુષ્કર્મ આચર્યા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે માલા ભક્કા ચાવડા સામે દુષ્કર્મ, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી પુછતાછ શરૂ કરી હતી.

લેભાગુ હવસખોરો શૈતાનોની બુરી નજર અત્ર તત્ર સર્વત્ર હોય છે. મિત્રતા, ફ્રેન્ડશીપ કે લવના નામે ફસાવનારા આવા તત્વો ઠેકઠેકાણે કોઈને કોઈ સ્વરૂપે હાજર હોય છે. તેને ઓળખી કાઢી તેનાથી બચવાની સૌએ જરૂર છે. રોજબરોજ સામે આવતી આ પ્રકારની ઘટનામાં અનેક કિસ્સામાં પરિચીતો, નજીકના સગાઓ જ હવસખોરી આચરતા હોવાનું પણ અનેક વખત સામે આવ્યું છે.

# લોકોની સગવડતા માટે BRTS સ્ટેન્ડમાં કૂલરની વ્યવસ્થા

## રાહદારીઓને લુ થી બચાવવા કુલ ૩૮ એર કુલરોની ઉભી કરાવી વ્યવસ્થા



રાજકોટ, તા. ૧૦

હવામાન વિભાગ દ્વારા સતત એ વાતની આગાહી કરવામાં આવી રહી છે કે આગામી દિવસોમાં હજુ પણ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં ભારે ગરમીનો સામનો લોકોએ કરવો પડશે ત્યારે રાજકોટમાં પણ અસહ્ય ગરમી વચ્ચે લોકોને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ બપોરના સમયમાં પણ સતત બસ પરિવહન થતું હોય છે અને લોકોની ભીડ પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે ત્યારે મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા વધુ એક વખત માનવતા વાદી અભિગમ દાખલવામાં આવ્યો અને રાજકોટ શહેરમાં આવેલા જેટલા પણ બીઆરટીએસ બસ સ્ટેન્ડ છે તેમાં એર કુલર ની વ્યવસ્થા રાખવામાં આવી જેથી બાહ્ય લુથી લોકોનું રક્ષણ થઈ શકે.

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરી બસ સર્વિસ તથા બી.આર.ટી.એસ. બસ સર્વિસનુ સંચાલન કરીને રાજકોટ શહેરના લાખો નાગરિકોને જાહેર પરિવહનની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે. રાજકોટ શહેરી વિસ્તારમાં સીટી બસ સેવા સાથે કનેક્ટીવીટીની સુવિધા પુરી પાડવા માટે બી.આર.ટી.એસ. બસ સેવા અંતર્ગત રાજકોટ શહેરમાં મુખ્ય માર્ગો સાથે કનેક્ટીવીટી માટે શહેરના ૧૫૦ રીંગ રોડ પર બી.આર. ટી.એસ. (બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ) અંતર્ગત માધાપર ચોકડીથી શરૂ કરી ગોંડલ રોડ ચોકડી સુધી બી.આર.ટી.એસ. બસોને દોડવા માટે રોડની વચ્ચે ખાસ ટ્રેક બનાવેલ છે.

આર.આર.એલ. તરફથી પ્રાપ્ત વિગતો મુજબ આ ટ્રેક પર ચાલતી બસો મારફત મુસાફરી કરતા પ્રતિદિવસ ૨૧,૦૦૦ થી પણ વધુ નાગરિકો આ પરિવહન સેવાનો લાભ મેળવી રહ્યા છે, જેમાં વરિષ્ઠ નાગરીકો, વિદ્યાર્થીઓ, શ્રમિકો સહિતના નાગરિકોનો સમાવેશ થાય છે. આબાલવૃધ્ધો દ્વારા આ બહોળી સંખ્યામાં થતા ઉપયોગને અનુલક્ષીને કુલ ૨૮ ઇલેક્ટ્રીક બસો દ્વારા દૈનિક કુલ ૪૪૧ ટ્રીપ કરવામાં આવી રહી છે. અલગ-અલગ વિસ્તારમાંથી આવતા જતાં નાગરિકોની સુવિધા માટે ગોંડલ ચોકડીથી શરૂ થઇ માધાપર ચોકડી સુધીના આશરે ૧૧ કિ.મી. લંબાઇ ધરાવતા બી.આર.ટી.એસ. ટ્રેક પર મુખ્ય ચોકથી નજીકમાં જુદા-જુદા કુલ ૧૯ પીક-અપ અને ડ્રોપ પોઇન્ટ તરીકે સ્ટોપેજ માટે તેમજ નાગરિકોને બેસવા માટે વેઈટીંગ એરીયા તથા ટીકેટીંગ વિન્ડો પાસે કુલર મૂકવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના રાજકોટ રાજપથ લિ. સંચાલિત જાહેર પરિવહન સેવાને પ્રોત્સાહન મળી રહે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા થકી પર્યાવરણને ચોક્કસપણે ફાયદો થાય તેવી આ લોકભોગ્ય યોજનાનો લાભ બહોળી સંખ્યામાં વરિષ્ઠ નાગરીકો, વિદ્યાર્થીઓ, શ્રમિકો સહિતના નાગરિકો લઇ રહ્યા છે, જેમાં સીનીયર સીટીઝનો અને દિવ્યાંગો સહિતની જુદી-જુદી કેટેગરી માટે ગત વર્ષથી ફ્રી મુસાફરી યોજના અમલી બનાવેલ છે. આ જ પ્રકારે નાગરિકોની સુવિધા માટે રાજકોટ મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરી ખાતે આવેલ સીવીક સેન્ટર અને આધાર કેન્દ્ર ખાતે બહોળી સંખ્યામાં આવતા અરજદારોને તડકાથી રક્ષણ માટે તાજેતરમાંજ શેડ અને બેસવા માટે બાંકડા સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે, એ પણ અત્રે ઉલ્લેખનીય છે.

વધુમાં લાંબી કતારથી મુક્તિ માટે બજેટ યોજના અંતર્ગત ૧૮ નવા આધાર નોંધણી કેન્દ્રો પણ તાજેતરમાં કાર્યરત કરવામાં આવેલ છે.

એ.સી. ઇલેક્ટ્રીક બસમાં મુસાફરી દરમ્યાન ગરમીથી રાહત વચ્ચે બી.આર.ટી.એસ. ટ્રેક પર બસ આવવાની રાહ જોઇ રહેલ તમામ મુસાફરોને હાલની હિટવેવ જેવી પરિસ્થિતિમાં ગરમીથી રક્ષણ મળી રહે તેવા ઉમદા આશયથી સ્ટે.કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકર એ ઉપરોક્ત તમામ ૧૯ બી.આર.ટી.એસ. શેલ્ટર (બસ સ્ટોપ) ખાતે બે-બે મળી કુલ ૩૮ કુલરની વ્યવસ્થા તાત્કાલિક કરાવી, ફરી એક વખત તેમની નાગરિકો પ્રત્યેની સંવેદનશિલતા સાથે ત્વરિત નિર્ણયશક્તિનો પરિચય કરાવેલ છે.

### લોકોને ગઠીયાઓથી ચેતવા પોલીસ સતત ઢોલનગારા પીટી રહી છે, અહિ ખુદ પોલીસકર્મી ફસાઇ ગયા

# ‘ખાખીધારી’ને ટાસ્કના નામે છેતરી લઇ ૨૨ લાખનો ‘ચૂનો’ લગાવ્યો

## પોલીસ કર્મચારીને શરૂઆતમાં નવસો રૂપિયાની કમાણી કરાવાઇ: પછી તે લલચાયા અને વધુ રોકાણ કરતાં સાડા અઠ્ઠાવીસ લાખનો નફો બતાવ્યો: તેમાંથી એકાવન હજાર આપ્યા: બાકીના જોઇતા હોય તો આઠ લાખ ભરવા પડે કહી છેતરી લેવાયા

રાજકોટ: ઓનલાઇન ફ્રોડથી બચવા માટે સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા લોકોને સતત જાગૃત કરવામાં આવે છે. લોકોને ટાસ્ક, શેર બજાર, ડોલરમાં રોકાણ સહિતના નામે નફાની લાલચ આપી રોકાણ કરવા માટે લલચાવી શરૂઆતમાં થોડી ઘણી કમાણી કરાવવામાં આવે પછી મોટી રકમનું રોકાણ થાય તો ગઠીયાઓ પોતાનો અસલી ચહેરો બતાવી લાખો કરોડો ખાઇ જતાં હોય છે. ટાસ્કના નામે ફ્રોડની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ચોંકાવનારી એટલા માટે છે કે અહિ ખુદ એક પોલીસ કર્મચારી સાથે ટાસ્ક પુરૂ કરી પાંચ ગણુ કમિશન મેળવવાના નામે એકવીસ લાખ નેવુ હજારની ઠગાઇ થઇ ગઇ છે. ખુદ પોલીસ જ લોકોને આવા ફ્રોડથી બચવા માટે સમજાવતી હોય છે, જાગૃત કરતી હોય છે. ત્યારે અહિ પોલીસ કર્મચારી પણ આવા ગઠીયાઓની જાળથી બચી ન શકતાં ચકચાર જાગી છે.

વિગતે વાત કરીએ તો સાયબર માફિયાઓએ પાંચગણુ કમિશન આપવાની લાલચ આપીને વડોદરાના પોલીસકર્મી પાસેથી એકવીસ લાખ નેવુ હજાર રૂપિયા પડાવ્યા છે. આ મામલે પોલીસકર્મીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરાના પ્રતાપનગર હેડ ક્વાટ્ર્સ ખાતે રહેતા પોલીસકર્મીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મને ટેલિગ્રામ એક મેસેજ આવ્યો હતો અને તેમાં કંપનીની પ્રોડક્ટના રિવ્યુ આપવાનું પાર્ટટાઇમ કામ કરીને દિવસના ૨૦૦થી ૩૦૦ રૂપિયા કમાઇ શકો છો, તેમ કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ વેબસાઇટની લિંક મોકલી હતી, જેમાં રજીસ્ટર થવા માટે જણાવ્યું હતું. તેઓએ મને ઇન્વીટેશન કોડ મોકલ્યો હતો, જેથી મેં રજીસ્ટ્રેશન કર્યું હતું. ત્યારબાદ તેઓએ ઓનલાઇન શોપિંગની પ્રોડક્ટ કપડા, શુઝ અને પર્સ સહિતની ત્રીસ પ્રોડક્ટના બે રિવ્યુ ટાસ્ક આપ્યા હતા. ત્યારબાદ તેઓએ મને ટેલિગ્રામ લિંક મોકલી હતી.

જેમાં હું જોઇન થયો હતો. શરૂઆતમાં તેઓએ મને ટાસ્ક પૂર્ણ કરવા માટે ૯૦૦ રૂપિયા આપ્યા હતા, જેથી મને તેમના પર વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ તેઓએ ટાસ્ક માટે અવારનવાર પૈસા માંગ્યા હતા અને મેં રૂપિયા જમા પણ કરાવ્યા હતા. આ દરમિયાન તેઓએ મને ૫ ગણુ કમિશન આપવાની પણ લાલચ આપી હતી અને ૩૫૧૦૦ રૂપિયા મારા એકાઉન્ટમાં તેઓએ જમા કરાવ્યા હતા. જેથી મને તેમના પર વિશ્વાસ આવી ગયો હતો. મેં તેઓના અલગ-અલગ ખાતામાં અલગ-અલગ સમયે ૨૨.૪૧ લાખ રૂપિયા ભર્યા હતા. જેની સામે પ્રોફિટ સાથે ૨૮.૫૩ લાખ રૂપિયા બતાવતા હતા. તેઓએ મને વિશ્વાસમાં લેવા માટે કુલ ૫૧,૩૦૦ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ મેં રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રૂપિયા વિડ્રો થયા નહોંતા. જેથી કંપનીનો લેટર આવ્યો હતો કે તમારો ક્રેડિટ સ્કોર ૯૬ ટકા છે, જેને ૧૦૦ ટકા કરવા માટે ૮ લાખ રૂપિયા ભરવા પડશે.



### ઠગાઇના બીજા બનાવમાં યુનિયન બેંકના નામે લિંક મોકલી એકાઉન્ટ અપડેટના નામે રત્ન કલાકારના અઢી લાખ ખાઇ જવાયા!

આ ઉપરાંત એવુ પણ કહેવાયું હતું કે જો તમે તે રૂપિયા ભરશો તો જ તમને ૩૬.૫૩ લાખ રૂપિયા મળશે. જો કે મેં કોઇ રૂપિયા ભર્યા નહોતા અને મારી સાથે ૨૧.૯૦ લાખ રૂપિયાની છેતરપિંડી થઇ હોવાની ખબર પડી હતી જેથી મેં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં પોલીસ કર્મચારીએ જણાવતાં તપાસ શરૂ થઇ છે. રોજબરોજ દેશભરમાં કોઇ ને કોઇ લોકો આ પ્રકારના નવા જુના કિમીયાનો શિકાર બની લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે. બીજા લોકો તો ઠીક પોલીસ કર્મચારી પણ આવા ગઠીયાઓનો શિકાર બની જાય ત્યારે સૌ ચોંકી જતાં હોય છે. આ બનાવે રાજ્યભરમાં ચકચાર જગાવી દીધી છે.

ઠગાઇની બીજી ઘટનામાં રત્નકલાકારે અજાણી લિંક ઓપન કરતાં જ અઢી લાખનો ડામ આવી ગયો હતો. મોબાઇલ પર આવતી લિંકને ઓપન કરતા પહેલા એકવાર જાણી લેજો નહિતર લાખોની રકમ ગુમાવી પડી શકે છે. આવો એક કિસ્સો વરાછામાં બન્યો છે. જેમાં રત્નકલાકારના મોબાઇલ પર કેવાયસી અપડેટના નામે બેંકની એક લિંક આવી હતી. લિંક કલીક કરતા તેનો મોબાઇલ ઠગ ટોળકીએ હેક કરી ૨.૫૦ લાખની રકમ બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. વધુ માહિતી અનુસાર વરાછામાં અવસર રો હાઉસમાં રહેતા સુડતાલીસ વર્ષિય રત્ન કલાકાર કિશોર આખજાએ વરાછા પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે અજાણ્યા સામે ઠગાઈ અને આઈટી એક્ટનો ગુનો નોંધ્યો છે. વધુમાં રત્નકલાકારે જણાવ્યું કે તેમના મોબાઇલ પર યુનિયન બેંકની લિંક આવી હતી. આ લિંક પર કલીક કરતા એક એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી.

જેમાં તેઓ નામ, જન્મ તારીખ અને ડેબિટ કાર્ડ સહિતની વિગતો ભરી હતી. પછી થોડીવારમાં રત્નકલાકારનો મોબાઇલ હેક થયો હતો. બાદમાં ઠગ ટોળકીએ મોબાઇલ હેક કરી રત્ન કલાકારના મોબાઇલ પરથી કોઈ રીતે ઓટીપી મેળવી પહેલા ૨ લાખની રકમ બેંક ખાતામાંથી ટ્રાન્સફર કરી દીધી પછી પાછી ૪૯૮૦૦ અને છેલ્લે ૯૫૦ની રકમ ટ્રાન્સફર કરી રૂ.૨.૫૦ લાખની રકમ પડાવી લીધી હતી. આમ વધુ એક વખત બેંકની લિંકના નામે છેતરપીંડી થઇ ગઇ હતી.

### પ્રેમિકા સાથે ઝઘડો શરૂ થતાં પ્રેમમાં ભંગાણ થાય તેવુ લાગતાં કાવત્રુ ઘડી પ્રેમિકાને મંદિરે દર્શન કરવા લઈ જઈ ઢાળી દીધી'તી

# પ્રેમીએ પ્રેમિકાને પતાવી લાશ કોથળામાં પેક કરી ફેંકી દીધી!

### કોથળા પરના માર્કાને આધારે પોલીસ તપાસનો દોર છેક સીમલા સુધી પહોંચ્યો અને આરોપી ઝડપાઇ ગયોઃ મદદગારી કરનાર બે મિત્રો પણ પકડાયા

રાજકોટઃ અઢી અક્ષરના પ્રેમના નામે દગાખોરી, હત્યા, મારામારી કે બીજી ગુનાખોરીની ઘટનાઓ અનેક વખત બની ચુકી છે. પ્રેમમાં પ્રેમી કે પ્રેમિકાની દગાખોરી હત્યા સુધી પહોંચી જતી હોય છે. તાજેતરમાં આવી બે ઘટનાઓ સામે આવી હતી જેમાં પરણેલી મહિલાએ પોતાના પરણેલા પ્રેમી સાથે મળી પતિનું કારની ઠોકરે ચડાવી કાસળ કઢાવી નાંખ્યું હતું. બીજી ઘટનામાં પત્નિ જેના પ્રેમમાંપડી હતી એ પ્રેમીને જ પતિને પતાવી દીધો હતો. વધુ એક મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ છે. જેમાં કોથળામાંથી મળેલી લાશનો ભેદ પોલીસે ઉકેલ્યો છે. પ્રેમીએ પોતાની પ્રેમિકાને મંદિરે દર્શન કરવાના બહાને લઈ જઈ અગાઉથી ઘડેલા કાવત્રા મુજબ મિત્રની મદદ લઈ હત્યા કરી લાશને કોથળામાં નાંખી ફેંકી દીધી હતી. પ્રેમસંબંધમાં ઝઘડાઓ ચાલુ થયા હોઇ ભંગાણ પડી જાય તેમ હોવાથી પ્રેમીએ રોષે ભરાઈને આ હત્યા કરી હતી. બીજી એક ઘટનામાં સોશિયલ મિડીયામાં પ્રેમિકા સાથે ઝઘડો થતાં પ્રેમીએ આપઘાત કરી લીધો હતો.મર્ડર મિસ્ટ્રીની ઘટના પર નજર કરીએ તો સેલવાસના પાલઘર જિલ્લામાં મોખાડાની હદમાં મૌજે ઘાટકર પાડા, નાશિક– જવ્હાર રોડ પર વાઘ નદીના પુલ નીચેથી મળી આવેલી લાશનું કોકડું પોલીસે ઉકેલી કાઢ્યું છે. એક ગુણી– કોથળામાં પેક કરાયેલી મહિલાની લાશ મળી આવતાં પોલીસ સહિત સૌ કોઈમાં ચકચાર મચી ગઈ હતી. આ મૃતક મહિલા કોણ? હત્યા કોણે કરી? તે સહિતનું રહસ્ય ઉકેલાવ પાલઘરના એસપી બાળાસાહેબ પાટીલે અલગ અલગ ટીમો બનાવી હતી. દરમિયાન લાશ જેમાં પેક કરાઇ હતી તે ગૂણી પર એસએમ૨૮ એવું નિશાન હતું. તેમાં વટાણાનો માલ આવ્યો હોય તેવું દેખાયું હતું. આ નિશાનને આધારે તપાસ શરૂ થઈ હતી અને પોલીસ રહસ્ય ઉકેલવા સુધી પહોંચી હતી. આ વટાણાનો જથ્થોમધરાત્રે મધ્ય પ્રદેશ એન સિમલાથી મહારાષ્ટ્રમાં આવતો હોવાનું જાણવા મળ્યું. સિમલાના વેપારીઓ પાસે તપાસ




કરતાં તેમનો માલ વાપીના શાકભાજીના હોલસેલ વેપારી પાસે મોકલ્યો હોવાનું જણાવ્યું. આ પછી પોલીસની ટીમોએ વાપીના હોલસેલ વેપારી પાસે તપાસ કરતાં અહીંથી વેપારીઓને વટાણાની ગૂણી મોકલાઈ હોવાનું જણાયું. જોકે તે પછી તપાસ આગળ વધી નહોતી. મહિલા ત્રણ દિવસ પૂર્વે દહાણુ મહાલક્ષ્મી મંદિર ખાતે દેખાઈ હતી. આ પછી મંદિર આસપાસના સીસીટીવીના ફૂટેજ તપાસતાં મહિલા સ્વિફ્ટ ડિઝાયર કારમાંથી આવી હોવાનું જણાયું હતું. આ કાર બાલાજી વાઘમારે અને તેના બે સાગરીત લાવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. વધુ તપાસમાં મૃતકનું નામ કાજોલ ગુપ્તા હોવાનું જણાયું, જે સિલ્વાસાની રહેવાસી હતી અને મૂળ નેપાળની હતી. વધુ તપાસમાં તેના પ્રેમી નેપાળવાસી રાજુકુમાર રાસબિહારી વરહીનું નામ આવતાં તેની ધરપકડ કરાઈ. હત્યારા પ્રેમીને આ હત્યામાં તેના મિત્ર  બિહારના મિત્ર સુરેશ સિંહ અને મહારાષ્ટ્રના ધારાશિવના મિત્ર બાલાજી વાઘમારેએ પણ મદદ કરી હોવાનું ખુલતાં આ બંનેની પણ સંડોવણી બહાર આવતાં ધરપકડ કરાઈ હતી. પ્રેમિકા કાજોલની હત્યા શા માટે કરી? તેની પુછતાછ થતાં પ્રેમી આરોપી રાજુકુમારે કહ્યું હતું કે પ્રેમસંબંધમાં ભંગાણ પડતાં મિત્રોને ભેગા કરીને કાવત્રુ ઘડી હત્યા નિપજાવી હતી. આ કબુલાતથી પોલીસ પણ ચોંકી ગઈ હતી. બીજી તરફ પ્રેમ પ્રકરણમાં એક યુવાને આપઘાત કરી લીધો હતો. મોરા ભાગળ સ્ટાર કોલોની ખાતે રહેતો ઓગણીસ વર્ષીય રાહુલ વિનયસિંહ રંજન પ્રાઈવેટ કંપનીમાં હેલ્પર તરીકે કામ કરતો હતો. રાહુલે વતન ઝારખંડથી સુરત આવી ફાંસો ખાધો હતો. તપાસમાં ખુલ્યું હતું કે સોશિયલ મીડિયા પર યુવતીના સંપર્કમાં આવતાં યુવતી પ્રેમસંબંધ થયો હતો. યુવતી સાથે ઝગડો થતા તેમાં માઠુ લાગી આવવાના કારણે તેણે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે.

# રાજ્યમાં IPSની અછતઃ કેન્દ્રીય ડેપ્યુટેશન પર ૨૪, વધારાના ચાર્જ સાથે ૧૪

### ૨૦૨૫ સુધીમાં ફક્ત ૧૯૪ જગ્યાઓ ભરવામાં આવી : અધિકૃત સંખ્યા ૨૦૮

રાજકોટ, તા. ૧૦

રાજ્યમાં ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારીઓની અધિકૃત સંખ્યા ૨૦૮ છે, પરંતુ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ફક્ત ૧૯૪ જગ્યાઓ ભરવામાં આવી છે, જેના કારણે ૧૪ અધિકારીઓની અછત રહી છે. વધુમાં, ગૃહ વિભાગની સત્તાવાર માહિતી અનુસાર, ગુજરાત કેડરના લગભગ ૨૪ IPS અધિકારીઓ હાલમાં કેન્દ્રીય પ્રતિનિયુક્તિ પર છે, જેના કારણે રાજ્યમાં ઉપલબ્ધ સક્રિય અધિકારીઓની સંખ્યામાં વધુ ઘટાડો થયો છે. આ ઉપરાંત, ૧૪ અધિકારીઓ તેમની હાલની ફરજો સાથે વધારાની જવાબદારીઓ પણ સંભાળી રહ્યા છે.

ગુજરાતમાં સાયબર ક્રાઇમ અને અન્ય ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે ત્યારે સ્ટાફની આ અછત આવી છે. તે વધતા ગુના દર અને રાજ્યની પોલીસ ક્ષમતા વચ્ચેના વધતા અંતરને પણ પ્રકાશિત કરે છે. જૂન ૨૦૨૫ માં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અને વરિષ્ઠ અધિકારી વિવેક શ્રીવાસ્તવની નિવૃત્તિ સાથે પરિસ્થિતિ વધુ ખરાબ થવાની તૈયારીમાં છે. અગાઉ, મોટી સંખ્યામાં વરિષ્ઠ IPS અધિકારીઓ ડેપ્યુટેશન પર કામ કરતા હતા, જેમાંથી મોટાભાગના સેન્ટ્રલ IB અને CBIમાં પોસ્ટેડ હતા. ગૃહ વિભાગના ટોચના સૂત્રોએ એ પણ ખુલાસો કર્યો છે કે આ ગંભીર માનવશક્તિની પરિસ્થિતિનો સામનો કરવા માટે રાજ્ય પોલીસ વિભાગમાં મોટા પાયે ફેરબદલની તૈયારીઓ ચાલી રહી છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગન કલ્ચર

## બોગસ લાઈસન્સ સાથે યમદૂતોના ટોળા



રાજકોટમાં ઘાતકી હથિયારો સાથે ફરતા ૨૮ શખ્સો વિરુદ્ધ પોલીસ કેસ.. આ સમાચાર સામાન્ય નથી. ઘાતક હથિયારો વ્યાપક પ્રમાણમાં સરળતાથી ઉપલબ્ધ થાય એ બાબત સમાજ માટે જોખમી ગણાય. ગુન્હાઓનું પ્રમાણ વધી રહ્યું છે. તેનું મહત્વનું કારણ લોકો પાસે રહેલા હથિયારો છે. ક્ષણિક આવેગમાં હથિયારોનો આડેધડ ઉપયોગ થઈ જાય છે સમાજ સામે આ મોટો પડકાર ગણાય.

લોકો પાસે રહેલા હથિયારો અમેરિકાની જીવલેણ સમસ્યા બની ગઈ છે. એકાદ વ્યક્તિનો મૂડ ઓફ થાય એટલે પાસે રહેલી ગનથી આડેધડ ગોળીબારો કરીને નિર્દોષ લોકોને ફૂંકી મારવામાં આવે છે. અમેરિકા જેવું ગન કલ્ચર ગુજરાતમાં શરૂ થયું હોય તેવા અહેવાલો મળી રહ્યા છે. ગુજરાતમાં ગન જેવા હથિયારો રાખવા લાયસન્સ મેળવવું પડે છે, આ પ્રકારનું લાઇસન્સ આત્મરક્ષાના ભાવથી આપવામાં આવે છે.

જોકે ગુન્હાખોરીની દુનિયાના કીમિયાગરોએ અલગ રસ્તો અપનાવીને ગુજરાતમાં ગન કલ્ચરની સ્થિતિ બનાવી દીધી છે, અહેવાલ પ્રમાણે મણીપુર, નાગાલેન્ડ વગેરે રાજ્યમાંથી હથિયાર લાયસન્સ બનાવીને ગુજરાતમાં વિતરણ કરવામાં આવી રહ્યા છે. આવા બોગસ લાયસન્સધારીઓ ગુજરાતમાં ગન જેવા અતિ જોખમી હથિયારો સાથે ઘૂસવા લાગ્યા છે. પોલીસે આ પ્રકારનું મોટું નેટવર્ક ભેદી રહ્યું છે અને અમુક શખશોની ધરપકડ કરી લીધી છે. સૌથી વધારે લોકો સામે ગુનો નોંધ્યો છે.

જોકે ક્રાઈમ ક્ષેત્રના જાણકારો કહે છે કે યેનકેન પ્રકારે ગુજરાતમાં ઘણા હથિયારો ઘુસી ગયા છે. પરપ્રાંતિય ટોળકીઓની આમાં મોટી ભૂમિકા રહી છે. લોકલ ગુન્હાખોરો અને સેટિંગબાજ તંત્ર પણ ગન કલ્ચર વિકસાવવામાં સામેલ છે. આ સમગ્ર નેટવર્ક ભેદવા ઉપરાંત ગામેગામ બોગસ લાઈસન્સથી ફેલાઈ ગયેલા હથિયારો ઝડપવા એ તંત્ર સામે મોટો પડકાર છે.

જાણકારો તો એવું પણ કહે છે કે ગુજરાતમાં સત્તાવાર હથિયાર લાયસન્સ આપવામાં પણ ઘણા સ્થાને મોટી ગરબડ ચાલે છે. સિંન નાખવામાં તત્વોને સેટિંગના માધ્યમથી લાઈસન્સ મળી જતા હોવાની ચર્ચા છે. હથિયાર લાયસન્સ માટે ભાવ બોલાતા હોવાની વાત પણ આવે છે. આવા કાંડનો પણ પર્દાફાશ થવો જોઈએ.

ભારત સનાતન શાસ્ત્ર સાથે શસ્ત્રની પણ સંસ્કૃતિ છે. શાસ્ત્ર અને શસ્ત્ર બંને અકલ્પનીય શક્તિ ધરાવે છે. આ બંને શક્તિ ધરાવનારાના હાથમાં આવી જાય તો ખેદાન મેદાન સર્જી દે છે. ગુજરાતમાં લાયકાત વગરના લોકોના હાથમાં બોગસ લાયસન્સ થકી હથિયારો આવી ગયા છે. આ કારણે રાજ્ય પર જીવલેણ જોખમ સર્જાયું છે. જો કે તંત્ર નેટવર્ક ભેદી રહ્યું છે પણ ઘણાને શંકા છે કે મોટાભાગના પ્રકરણોની જેમ મોટા માથા છટકી જશે, ગુજરાતમાં આવું ન થાય તે માટે હવે લોકોએ જાગૃતિ દાખવવી પડશે.

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,,
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ...

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી...
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર"...



પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# દરિયાકાંઠાના કેન્દ્રશાસિત પ્રદેશો સુનામી માટે સંવેદનશીલ

## યુનાઇટેડ કિંગડમ રિસર્ચ એન્ડ ઇનોવેશન બિન-ભૂકંપીય કારણોથી ઉદ્ભવતા સુનામીના સંશોધન, મોડેલિંગ અને આગાહીને મજબૂત બનાવવાનો લક્ષ્ય



નવીદિલ્હી, તા. ૧૦

હૈદરાબાદ સ્થિત ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઇન્ફર્મેશન સર્વિસીસ (INCOIS) ના અધિકારીઓએ જણાવ્યું હતું કે કુદરતી ભૂગોળ અને મોટી સંખ્યામાં આંતરિક જળસ્ત્રોતોની હાજરી કેરળના દરિયાકાંઠાના ગામડાઓને સુનામી માટે ખૂબ જ સંવેદનશીલ બનાવે છે. સુનામી એ 'દરિયાઈ મોજાઓની વિશાળ શ્રેણી' છે જે સમુદ્રી ભૂકંપ, પાણીની અંદર ભૂસ્ખલન અને પાણીની અંદર જ્વાળામુખી ફાટી નીકળવા જેવા અન્ય કારણોને કારણે થાય છે. ૨૬ ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ હિંદ મહાસાગરમાં આવેલી સુનામીથી તમિલનાડુ અને કેરળ ખરાબ રીતે પ્રભાવિત થયા હતા, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું અને સેંકડો લોકો માર્યા ગયા હતા.

INCOIS નિષ્ણાતોના મતે, બધા ભારતીય દરિયાકાંઠાના કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યો બે સબડક્શન ઝોનમાંથી ઉદ્ભવતા સુનામી માટે સંવેદનશીલ છેઃ આંદામાન-નિકોબાર-સુમાત્રા ટાપુ આર્ક અને મકરાન સબડક્શન ઝોન. ૩૦ મિનિટ સુધીના પ્રતિભાવ સમયવાળા વિસ્તારો એ આંદામાન અને નિકોબાર ટાપુઓ જેવા સ્થળો છે, જે ભૂકંપના કિસ્સામાં હિંદ મહાસાગરમાં સ્ત્રોત ક્ષેત્રની નજીક સ્થિત હશે. જ્યારે, ભારતીય મુખ્ય ભૂમિ જેવા સ્ત્રોત પ્રદેશોથી દૂર સ્થિત વિસ્તારો, બે કલાક સુધીના પ્રતિભાવ સમયનો અનુભવ કરી શકે છે.

લગભગ ૫૬૦ કિલોમીટરના કુલ દરિયાકિનારા સાથે, કેરળમાં ૪૬.૧૩ ચોરસ કિલોમીટરના મુખ અને બેકવોટર ઉપરાંત બે મીઠા પાણીના તળાવો છે. ત્રણ સિવાય, રાજ્યની બાકીની ૪૧ બારમાસી નદીઓ અરબી સમુદ્રમાં વહે છે. તેની જમીનનો મોટો ભાગ પાણીમાં ડૂબી ગયો છે, તેથી સુનામીની ઘટના દ્વારા ઉભો થતો પડકાર ખૂબ મોટો હશે.

જ્યારે સુનામીના મોજા ત્રાટકશે, ત્યારે દરિયાકાંઠાના ગામડાઓ અને નજીકના આંતરિક વિસ્તારો ઓડિશાના ગામડાઓ કરતાં વધુ સંવેદનશીલ બનશે, જ્યાં હવે 'સુનામી માટે તૈયાર' સમુદાયો છે.

ઓડિશા અને કેરળ વચ્ચે કેટલાક બોધપાઠ સામાન્ય હોઈ શકે છે, પરંતુ કેરળના સ્થાનિક વહીવટીતંત્રે સ્થળાંતરનું આયોજન અને અમલ કરતી વખતે અલગ અલગ વ્યૂહરચના અપનાવવાની જરૂર પડશે.

INCOIS અને યુનાઇટેડ કિંગડમ રિસર્ચ એન્ડ ઇનોવેશન હાલમાં તેમના સહયોગના બીજા વર્ષમાં છે, જેનો ઉદ્દેશ્ય બિન-ભૂકંપીય કારણોથી ઉદ્ભવતા સુનામીના સંશોધન, મોડેલિંગ અને આગાહીને મજબૂત બનાવવાનો છે, ઉપરાંત સંવેદનશીલ સમુદાયો સાથે કામ કરવાનો અને તેમને 'સુનામી માટે તૈયાર' રહેવા માટે તાલીમ આપવાનો છે.

# MPના રસ્તા અમેરિકા જેવા થશે : ગડકરી

## શિલાન્યાસ કરાયેલા માર્ગ પ્રોજેક્ટ્સનો સીધો લાભ ઉજ્જૈન, દેવાસ, શાજાપુર, ઈન્દોર, ધાર, રાજગઢ અને અશોકનગર જેવા જિલ્લાઓને મળશે

નવીદિલ્હી, તા. ૧૦

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે મધ્યપ્રદેશના ધાર જિલ્લાને મોટી ભેટ આપી. ગડકરી લગભગ ૫,૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ૧૦ રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરવા માટે બડનવાર પહોંચ્યા હતા. સભાને સંબોધતા તેમણે દાવો કર્યો કે આગામી બે વર્ષમાં મધ્યપ્રદેશના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અમેરિકા કરતા સારા બનશે. ગડકરીએ કહ્યું કે આજનો દિવસ ઉજ્જૈન અને આસપાસના વિસ્તારો માટે ઐતિહાસિક દિવસ છે. આજે ઉદઘાટન કરાયેલા અને શિલાન્યાસ કરાયેલા માર્ગ પ્રોજેક્ટ્સનો સીધો લાભ ઉજ્જૈન, દેવાસ, શાજાપુર, ઈન્દોર, ધાર, રાજગઢ અને અશોકનગર જેવા જિલ્લાઓને મળશે. આ પ્રોજેક્ટ્સ દ્વારા, ઉજ્જૈન અને આસપાસના જિલ્લાઓને વધુ સારી રોડ કનેક્ટિવિટી સાથે વિકાસની નવી ગતિ મળી છે. આ પ્રોજેક્ટ્સના વિકાસથી દિલ્હી, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રથી ઉજ્જૈનને હાઇ સ્પીડ કનેક્ટિવિટી મળશે. શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગની યાત્રા ભક્તો માટે સરળ અને અનુકૂળ રહેશે. દિલ્હી અને મુંબઈ વચ્ચે માલવા પ્રદેશ સાથે સરળ કનેક્ટિવિટી સ્થાપિત થશે. લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે.

ધાર જિલ્લાની પ્રગતિને વધુ સારી રોડ કનેક્ટિવિટી દ્વારા નવી ગતિ આપતા ગડકરીએ આજે મધ્યપ્રદેશના ખેડા, બદનાવર, ધારમાં ૫,૮૦૦ કરોડ રૂપિયાથી વધુના રોકાણ અને કુલ ૩૨૮ કિમી લંબાઈવાળા ૧૦ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. આ દરમિયાન મુખ્યમંત્રી મોહન યાદવ, કૈલાશ વિજયવર્ગીય, રાજ્ય મંત્રી રાકેશ સિંહ, નાગરસિંહ, કેન્દ્રીય રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુર, અનિતા નાગર સિંહ ચૌહાણ, સાંસદ શંકર લાલવાણી, અનિલ ફિરોઝિયા, સુધીર ગુપ્તા, રોડમલ નાગર અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

ભૂગર્ભ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે અમે એક વર્ષમાં ૩ લાખ કરોડ રૂપિયાનું કામ પૂર્ણ કરવા જઈ રહ્યા છીએ. મધ્યપ્રદેશના રસ્તા અમેરિકા કરતા સારા હશે. હું તમને બધાને ખાતરી આપવા માંગુ છું કે આવતા બે વર્ષમાં, મધ્યપ્રદેશ. ભારતનું રાષ્ટ્રીય ધોરીમાર્ગ રોડ નેટવર્ક અમેરિકા કરતા સારું હશે અને હું જે પણ જાહેરાત કરું છું તે હવામાં જતી નથી. હું મોટી મોટી વાતો કરતો નેતા નથી. હું જે પણ કહીશ, તેને પૂરા વિશ્વાસ સાથે પૂર્ણ કરીશ.

સારા રસ્તાઓના ફાયદા સમજાવતા ગડકરીએ કહ્યું કે જ્યાં રસ્તા સારા હોય છે, ત્યાં વ્યવસાય પણ સારો હોય છે.

કોઈપણ દેશના વિકાસ માટે ચાર મહત્વપૂર્ણ બાબતો છે, જેને આપણે અંગ્રેજીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કહીએ છીએ. જ્યાં પણ પાણી, વીજળી, પરિવહન અને સંદેશાવ્યવહાર આ ચાર બાબતો હાજર હોય છે, ત્યાં ઉદ્યોગ અને વ્યવસાયનો વિકાસ થાય છે. જ્યાં ઉદ્યોગ અને વેપાર વધે છે, ત્યાં રોજગાર ઉપલબ્ધ થાય છે અને જ્યાં રોજગાર ઉપલબ્ધ થાય છે, ત્યાં ગરીબી અને બેરોજગારી નાબૂદ થાય છે. મંત્રી નીતિન ગડકરીએ મધ્યપ્રદેશમાં રસ્તાઓની પહેલાની સ્થિતિની મજાક ઉડાવતો એક કિસ્સો પણ વર્ણવ્યો. તેમણે કહ્યું કે એક વાર જ્યારે હું ભાજપનો અધ્યક્ષ હતો.

# જમિયત ઉલેમા-એ-હિંદ વકફ વિરુદ્ધ એક કરોડ લોકોના હસ્તાક્ષરવાળો ઠરાવ PMને મોકલશે

## કોલકાતાના રામલીલા મેદાનમાં એક વિશાળ મેળાવડામાં, જમિયતના બંગાળ પ્રકરણે, તેના વડા અને મંત્રી સિદ્દીકુલ્લાહ ચૌધરીના નેતૃત્વમાં, વડા પ્રધાનને તાત્કાલિક કાયદાને રદ કરવા વિનંતી કરી

નવીદિલ્હી, તા. ૧૦

પ્રખ્યાત મુસ્લિમ સંગઠન જમિયત ઉલેમા-એ-હિંદે વકફ કાયદા વિરુદ્ધ એક કરોડ લોકોના હસ્તાક્ષરવાળો ઠરાવ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મોકલવાની પ્રતિજ્ઞા લીધી છે. કોલકાતાના રામલીલા મેદાનમાં એક વિશાળ મેળાવડામાં, જમિયતના બંગાળ પ્રકરણે, તેના વડા અને મંત્રી સિદ્દીકુલ્લાહ ચૌધરીના નેતૃત્વમાં, વડા પ્રધાનને તાત્કાલિક કાયદાને રદ કરવા વિનંતી કરી. જમિયતે વકફ કાયદા સામે કાનૂની લડાઈ લડવા માટે ક્રાઉડફંડિંગ ઝુંબેશની પણ જાહેરાત કરી. સુપ્રીમ કોર્ટ આવતા અઠવાડિયે અનેક અરજીઓ પર સુનાવણી કરવાનું નક્કી કર્યું છે. કાયદા વિરુદ્ધ સહીઓ સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરવામાં આવશે જેઓ બંગાળના વિવિધ જિલ્લાઓની મુલાકાત લેશે. ચૌધરીએ જણાવ્યું હતું કે આટલા મોટા પાયે આંદોલન શરૂ થયા પહેલા સરકારો દ્વારા કાયદા પાછા ખેંચી લેવામાં આવ્યા હતા.

અમારો ઉદ્દેશ્ય વિવિધ જિલ્લાઓ અને શહેરોમાંથી આ સહીઓ મેળવીને પીએમ મોદીને મોકલવાનો છે. ચૌધરીએ સભાને કહ્યું, ''કાયદાઓ અગાઉ પણ પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને અમે આ કાયદાને રદ કરવા માટે ૧ કરોડ સહીઓ એકત્રિત કરીશું.'' ગયા અઠવાડિયે મધ્યરાત્રિ પછી ચાલેલા સત્રોમાં સંસદ દ્વારા પસાર કરાયેલ વકફ કાયદો, વકફ મિલકતોના નિયમન અને તેમને લગતા વિવાદોના સમાધાનમાં સરકારી દેખરેખને વિસ્તૃત કરે છે. અમારો ઉદ્દેશ્ય વિવિધ જિલ્લાઓ અને શહેરોમાંથી આ સહીઓ મેળવીને પીએમ મોદીને મોકલવાનો છે. અગાઉના કાયદાઓ પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને અમે આ કાયદાને રદ કરવા માટે ૧ કરોડ સહીઓ એકત્રિત કરીશું.'' ગયા અઠવાડિયે મધ્યરાત્રિ પછીના સત્રમાં સંસદ દ્વારા પસાર કરાયેલ વકફ કાયદો, વકફ મિલકતોના નિયમન અને તેમને લગતા વિવાદોના સમાધાનમાં સરકારી દેખરેખને વિસ્તૃત કરે છે. જમિયત મેમોરેન્ડમમાં ભારપૂર્વક જણાવાયું છે કે વકફ કાયદો બંધારણના અનુચ્છેદ ૧૪, ૨૫ અને ૨૬ હેઠળ બાંયધરીકૃત મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. મેમોરેન્ડમમાં કહેવામાં આવ્યું છે કે આ કાયદો વકફ બોર્ડની સ્વાયત્તતાને નબળી પાડે છે અને અમલદારોને વધુ પડતી સત્તાઓ આપીને લઘુમતી સમુદાયની ધાર્મિક સ્વતંત્રતા પર અતિક્રમણ કરે છે. તે વકફ મિલકતોના ગેરવહીવટ અને અલગતા તરફ દોરી શકે છે, મેમોરેન્ડમમાં કહેવામાં આવ્યું છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## ''નાગર'' એટલે ગર મુક્ત અને નિત નૂતન વિચારધારાનું રુડું રુપાળું વ્યક્તિત્વ!



આજે ચૈત્ર સુદ ચૌદસનો દિવસ છે અને ચૈત્ર સુદ ચૌદસને હાટકેશ્વર જયંતિ તરિકે ઉજવવામાં આવે છે. હાટકેશ્વર એ શિવનું જ એક સ્વરૂપ છે, અને અમારા નાગરનાં ઇષ્ટદેવ છે, તો તે નિમિત્તે હાટકેશ્વર દાદાના ચરણોમાં સમસ્ત નાત તરફથી કોટી કોટી વંદન, અને નાગરો ને વિચારવાન બનાવી સદા ગર એટલે કે વેરઝેર ઝેર મુક્ત રાખવા માર્ગદર્શન કરતા રહે એવી એક પ્રાર્થના. પુજ્ય બાપુ એ તો માનસ નાગર પર એક કથા પણ કરી હતી, અને નાગરનો બહુ વિસ્તૃત અર્થ કર્યો હતો. એ રીતે નાગર એટલે બૌદ્ધિક, પણ બૌદ્ધિકતાની સાથે સાથે ગર મુક્ત હોવું પણ જરૂરી છે, અને જે આજે કદાચ હવે કાળની અસરને કારણે દરેક નાગરનુ પણ સંભવ નથી. હાટકેશ્વરનું મુખ્ય મંદિર વડનગરમાં આવેલું છે, અને બાકી તો જ્યાં જ્યાં નાગરો વસ્યા છે, ત્યાં બધે જ હવે હાટકેશ્વરના મંદિરની સ્થાપના થયેલ છે. નાગર એટલે આમ તો જે નગરમાં વસે છે તે,અને જે શિક્ષિત છે. જે ગુજરાતમાં વિક્રમ સંવતની ત્રીજી સદીથી વસેલી છે, તેઓ હાટકેશ્વરની સ્થાપના પહેલાં કોઈ મંદિર વગેરેમાં જતાં એવું જાણવા મળ્યું નથી, તેઓ વૈદિક પૂજા જ સ્વીકારતા હતાં. ગુજરાતના સામાજિક આર્થિક વિકાસમાં તેમની બુદ્ધિ પ્રતિભાઓનું ખૂબ જ મોટું યોગદાન છે. નાગરોની બુદ્ધિ પ્રતિભા અત્યંત તેજસ્વી રહી, અને તેઓને સમાજે સદા વિચારવાન પ્રજા તરીકે બિરદાવ્યા છે. એ રીતે પોતાની બૌદ્ધિક વિશેષતાને કારણે તેઓ રાજા-મહારાજાઓના દિવાન પદ શોભાવતા હતાં, તેમજ સમાજના મોભાદાર હોદ્દાઓ પર નાગરોનું અધિપત્ય હતું. રાજા પોતાના રાજ વહીવટ માટે ૭૦ થી ૮૦ ટકા દિવાન પર આધારિત રહેતાં, અતિ સૂક્ષ્મ અને છતાં સમાજના શુભનું સંચાલન આ નાગરો કરતા હતા. પરંતુ પદ પ્રતિષ્ઠાનો પણ અહંકાર બહુ ભારે પડે, એમ નાગરી નાતનું એક માફ ન કરી શકાય એવું પાસું પણ ઈતિહાસના પાને લખાયેલું છે, અને એ છે નાગર નરસિંહને નાત દ્વારા એના સમયમાં સતાવવામાં આવ્યા હતા તે. આપણે જ્યારે તેને બિરદાવવાની વાત કરતા હોય, ત્યારે આપણા સમાજની ભૂલને અંધારામાં રાખી શકાય નહીં. પરંતુ જે વિતી ગઈ એ પળ હરિ ઈચ્છા બલવાન સમજીને સ્વીકારવી પડે છે.નરસિંહના વંશજ તરીકે ઓળખાતા આ નાગરોના હાટકેશ્વરનો પાટોત્સવ એટલે કે જન્મ જયંતીનો દિવસ છે.

આમ તો ચૈત્ર મહિનો શરૂ થતાં જ શક્તિની આરાધનાના દિવસો શરૂ થાય, અને પછી રામનવમી, એ પછી મહાવીર જયંતી, ચૈત્ર સુદ ચૌદસ એટલે હાટકેશ્વર જયંતિ, અને ચૈત્ર સુદ પૂનમ એટલે હનુમાન જયંતી, આમ એક પછી એક જયંતિ આવે, એટલે કે ધાર્મિક તિથિ અને તહેવારનો આ મહિનો કહેવાય.પણ નાગરો માટે ચૌદસને દિવસે ઈષ્ટદેવની જયંતિ, એટલે એ રીતે પણ એનું ખૂબ જ મહત્વ છે. હાટકેશ્વર જયંતિ આવતી હોવાથી પાટોત્સવમાં બધાને મળાશે એવું વિચારીને નાગરો ખૂબ રાજી થાય,કારણ પાંચ 'પ' એટલે કે, પાન, પાટલા, પીતાંબર, પાટિયું,ને પંચાત, આ પાંચ પ સાથે તેનું જન્મથી અનુસંધાન હોય.કોઈ લોકો પ સાથે પરસાળ ને જોડે છે, તો કોઈ પંચિયુ પણ કહે છે.ને કોઈ પ સાથે પૂજા ને પણ જોડે છે. પૂજા પાઠ નાગરના ઘરમાં થતો એક અભુતપૂર્વ પ્રયોગ છે, આખાં આખાં સ્તોત્ર ગાનના પાઠ એમને કંઠસથ હોય, શિવમહિમ્ન ને શક્રાદય જેવી અઘરી સ્તુતિ નાગરના બાળકો પણ આસાનીથી બોલતા હોય છે.આજે પણ હાટકેશ્વર જયંતિ નિમિત્તે દરેક શહેરોમાં જ્યાં જ્યાં હાટકેશ્વરનું મંદિર હોય ત્યાં પાટોત્સવ ઊજવવામાં આવે છે. સવારે વિધિવત રીતે ભગવાનની પાલખી યાત્રા નીકળે, અને સાંજે શ્રીખંડ પૂરીનું નાત જમણ થાય છે.

નાગરોનો ઈતિહાસ પણ જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે, કોઈ કહે છે કે ઉત્તર ભારતમાંથી એટલે કે કાશ્મીર બાજુથી આવેલા છે, જ્યારે કોઈ ગ્રીક અને દ્રવીડ સંસ્કૃતિ ધરાવતી પ્રજા તરીકે નાગરને બતાવવામાં આવે છે. આજથી સાડા છ હજાર વર્ષ પૂર્વે સૌથી પહેલો સંસ્કૃત ભાષામાં પારંગત માનવ, નાગર તરીકે બતાવવા આવેલો છે.એટલે ટૂંકમાં નાગર એટલે ગવાર નહીં, પરંતુ નિત્ય નૂતન વિચારધારાનો પ્રતીક એટલે નાગર, એવો અર્થ પૂજ્ય બાપુએ પણ નાગર માટે કરેલ છે.તુલશીકૃત રામાયણમાં પણ નાગર શબ્દનો પ્રયોગ બે ત્રણ વાર થયો છે. હાટકેશ્વર જયંતિ એટલે ઈષ્ટદેવ હાટકેશ્વરનો સ્થાપના દિન. આમ તો ભગવાન આશુતોષ મહાદેવ શંભુ અજન્મા છે, એટલે તેના જન્મનું કોઈ કારણ પુરાણમાં પણ મળતું નથી. પરંતુ લિંગ રૂપે તેની વડનગરમાં સ્થાપનાના દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે, અને તેથી આપણે ત્યાં વડનગરા, વિસનગરા, પ્રશ્નોરા,સાઠોદરા, ડુંગરપુરા, ચિત્રોડા, કૃષ્નમોરા, એવી રીતે સાત પ્રકારનાં નાગરો આ દિવસે પોતાના ઈષ્ટદેવ હાટકેશ્વરનો પાટોત્સવ મનાવે છે. આપણા લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પણ વડનગરના રહેવાસી છે, એથી જ એકવાર ચૈત્ર સુદ ચૌદસનાં દિવસે ક્યાંક બહારના દેશમાંથી એમણે જય હાટકેશ એવું સંબોધન કર્યું હતું. હાટકેશ્વર જયંતિ નિમિત્તે આપણને પુરાણના પ્રમાણ પણ મળે છે.

સ્કંદપુરાણના નાગર ખંડમાં ઉલ્લેખ થયા મુજબ હાટકેશ્વરની સ્થાપના વડનગરમાં રહેતા ચિત્રગુપ્ત નામના નાગરે કરી હતી. કહેવાય છે કે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતી એ પોતાની જાતને હોમી દીધી હતી, અને ભગવાન શંકર અત્યંત ક્રોધાયમાન અવસ્થામાં સતીના શબને પોતાનાં ખભા પર લઈને આમથી તેમ ફરતાં હતાં, અને પૃથ્વી પર હાહાકાર મચાવ્યો હતો.અને શંકરની દિગંબર અવસ્થાથી સમાજ પરેશાન હતો.તે સમયની જે ઋષિ પત્નીઓ તેની ભોળા ભાવે ભક્તિ કરતી હતી,તેને આમ ફરતા જોઈને ઋષિ ઓ સંકોચ અનુભવતા હતા, એટલે બ્રહ્માજી એ શંકરનાં લીંગને પાતાળમાં સ્થાપી દીધું,શંકરને ભાન આવતાં તે શરમીંદા થઈને સમાધિમાં ચાલ્યા ગયાં, બાદમાં સતી હિમાચલ રાજને ઘેર પુત્રી તરીકે જન્મી ચુક્યા છે,એ વાત સપ્તર્ષિ એ તેમને કરી. સત્તરમી સદીમાં ચિત્રગુપ્ત નામના નાગરે ભગવાન ભોળાનાથની ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી, અને ભગવાન તેને પ્રસન્ન થયાં, એટલે તેમણે કહ્યું કે તું ''હાટક'' એટલે કે સોનાનું લિંગ બનાવી અને મારી સ્થાપના કર તો હું અવશ્ય તેમાં પ્રત્યક્ષરૂપે બિરાજમાન થઈશ. હાટક એટલે સોનાથી મઢેલા લિંગની સ્થાપના કરી, અને એ દિવસે ભગવાન આશુતોષ મહાદેવ તેમાં હાજરા હજૂર પ્રગટ થયાં, એ દિવસ એટલે ચૈત્ર સુદ ચૌદસ અને એ દિવસથી નાગરોના ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વર ને પૂજવામાં આવે છે, અને એ દિવસે તેનો પાટોત્સવ મનાવવામાં આવે છે.

વડનગરનું હાટકેશ્વરનું મંદિર આશરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલું હતું, એટલે કે ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનું છે અને કહેવાય છે નાગરાજ હરિરામ નાઇકનુ ત્યારે શાસન હતું, અને તેના દ્વારા મંદિરની રચના કરવામાં આવી હતી. વડનગરના હાટકેશ્વર મંદિરનું સ્થાપત્ય અને કલા કોતરણી પણ અદભૂત છે, જોનારને મંત્રમુગ્ધ કરી દે એ રીતે નવગ્રહ,અને હિન્દૂ દેવી દેવતાઓની મૂર્તિ, સંગીતકારો, નૃત્ય કરતી અપ્સરાઓ, રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગોના શિલ્પ, તેમજ પ્રાણીઓ અને પક્ષીઓની મૂર્તિઓ કંડારવામાં આવી છે. પુરાતન વિભાગ દ્વારા સિદ્ધ થયેલ હેરિટેજ સ્થાપત્યમાં વડનગરના હાટકેશ્વર મંદિર તેમજ ત્યાંની વાવનો પણ સમાવેશ કરવામાં આવે છે.

આ ઉપરાંત મંદિરના પટાંગણમાં મુખ્ય મંદિર સિવાયના અન્ય મંદિરો પણ છે, જેમાં કાશી વિશ્વનાથનું મંદિર વધુ પૌરાણિક છે.આ ઉપરાંત દાનેશ્વર, રવેશ્વર, તારકેશ્વર, મુક્તેશ્વર ચમકેશ્વર,પાતાળેશ્વર,જાકેશ્વર, પંચનાથ મહાદેવ,અને અંબાજીના મંદિર વિદ્યમાન છે.

તો ''નાગરો'' કે જે હવે માત્ર નગરમાં રહે છે,પણ ગર મુક્તની ઉપમા ભૂલતા જાય છે, ત્યારે આ છે આપણા ઈષ્ટદેવ હાટકેશ્વરનો મહિમાવંત ઈતિહાસ. નાગરો હાટકેશ્વર સ્તોત્રનો નિત્ય પાઠ પણ કરે છે,જે સ્વયં સુસંસ્કૃત છે, અને જેના પર દરેક નાગર ગૃહસ્થને નાઝ છે, અને જન્મોજન્મ એ ભોળા મહાદેવ અને મા અંબાની ભક્તિ ભાવમાં જ જીવવા માગે છે.આશા રાખુ છું આપ સૌને આ લેખ પસંદ આવ્યો હશે, સૌને મારા જય હાટકેશ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

પરલોકમાંથી તેડુ ગમે ત્યારે ગમે તે રીતે આવી જતું હોય છેઃ એક કરૂણ ઘટનામાં પરિવારે પચ્ચીસ વર્ષનો દિકરો ગુમાવ્યો

# કુટુંબીની અંતિમવિધીમાંથી નીકળેલા યુવાનને રસ્તામાં 'કાળ' ભેટ્યો

બીજી અપમૃત્યુની ઘટનામાં પેટના ઓપરેશન બાદ આધેડનું અને વાડીએ એકાએક બેભાન થઇ જતાં વૃદ્ધનું અને હૃદય બંધ પડી જતાં આધેડનું મૃત્યુઃ ચારેય ઘટના રાજકોટ હોસ્પિટલમાં નોંધાઇ

રાજકોટઃ વાહન અકસ્માત, અપમૃત્યુની ઘટનામાં વધુ એક કરૂણ બનાવનો ઉમેરો થયો છે. પચ્ચીસ વર્ષનો એક યુવાન કુટુંબી સગાનું અવસાન થયું હોઇ તેની લૌકિક ક્રિયામાં અ હાજરી આપી મોટરસાઇકલ હંકારી પરત પોતાના ઘરે જઇ રહ્યો હતો ત્યારે રસ્તામાં કાર રૂપી કાળ ભેગી ગયો હતો. ઇકો કારના ચાલકે મોટરસાઇકલ સહિત આ યુવાનને ફંગોળી દેતાં તેનું કરૂણ મોત થયું હતું. બીજા બનાવમાં પેટમાં દુઃખાવાના ઓપરેશન બાદ બેભાન થઇ જતાં આધેડનું મોત થયું હતું. જ્યારે એક વૃધ્ધનું વાડીએ ચક્કર આવ્યા બાદ બેભાન થઇ ગયા પછી મૃત્યુ થયું હતું. જ્યારે ચોથા બનાવમાં મવડીના આધેડનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ થયું હતું.

જીવલેણ વાહન અકસ્માતની ઘટના અંગેની વિગતો પર નજર કરીએ તો જસદણના ઘેલા સોમનાથ નજીક પુરપાટ દોડી રહેલી ઇકો કાર એક પરિવારના યુવાન દિકરા માટે મોતનું કારણ બની ગઇ છે. જસદણના પીપરડી ગામે રહેતો પચ્ચીસ વર્ષનો યુવાન લૌકિક ક્રિયા પતાવી બાઇક પર ઘરે જતો હતો ત્યારે રસ્તામાં બાઇક સહિત કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. આલા ખાચરના પીપરડીગામે રહેતો પચ્ચીસ વર્ષનો હિતેષભાઇ રમેશભાઇ પરમાર સાંજે સાડા ચારેક વાગ્યે બાઇક હંકારી કનેસરાથી પીપરડી તરફ જતો હતો ત્યારે ઘેલા સોમનાથ પાસે પહોંચતા ઇકો કારની ઠોકરે ચડી જતાં બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેને જસદણ સારવાર માટે ખસેડાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઇ જવાનું કહેતાં સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રાતભર ડોક્ટરોએ તેની સારવાર કરી હતી. પરંતુ તેનું મૃત્યુ નિપજતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. કાળનો કોળીયો બની ગયેલો હિતેષભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો અને ખેતી કરી ગુજરાન ચલાવતો હતો. તેને સંતાનમાં એક પુત્ર છે. યુવાન આશાસ્પદ દિકરાના મોતથી પરમાર પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, ભગીરથસિંહ, તૌફિકભાઇ,





ધર્મેન્દ્રભાઇએ બનાવની જાણ જસદણ પોલીસને કરતાં પોલીસે ઇકો કારના ચાલક વિરૂધ્ધ કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

અપમૃત્યુની અન્ય એક ઘટના જોઇએ તો જેતપુરના પેઢલા ગામે રહેતાં દિનેશભાઇ દેવજીભાઇ જેઠવા નામના અડતાલીસ વર્ષના આધેડને બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેમનું રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. સગાના કહેવા મુજબ દિનેશભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને ગત અઠ્ઠાવીસ માર્ચના રોજ પેટમાં દુઃખાવો ઉપડતાં જુનાગઢ સારવાર અપાવાયા બાદ જેતપુર ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયેલ. જ્યાં એપેન્ડીક્સનું ઓપરેશન કરાયું હતું. બાદમાં આઠમી એપ્રિલના રોજ રજા બાદ ઘરે જઇ ફરી ગોંડલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. ત્યાંથી તબિયત બગડતાં રાજકોટ ખસેડાયા હતાં.

પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થતાં સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. અપમૃત્યુના ત્રીજા બનાવમાં સાયલાના વેળાવદર-નાગડકાના મુળ વતની જેશાભાઇ ગાંડાભાઇ બગોદરીયા નામના સિત્તેર વર્ષના વૃધ્ધ રાતે બારેક વાગ્યે નાગડકા ગામે તેના ઓળખીતા વિનાભાઇ મંગળાભાઇ કુકડીયાની વાડીએ હતાં ત્યારે અચાનક બેભાન થઇ જતાં પ્રથમ સુદામડા સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી સુરેન્દ્રનગર ગાંધી હોસ્પિટલમાં ખસેડાયેલ. વધુ સારવાર માટે બેભાન હાલતમાં રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. અહિ તેનું ગઇકાલે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધજાળા પોલીસને જાણ કરી હતી. મૃતકના પરિચીતના કહેવા મુજબ તેમને એક દિકરી છે.

આગળ પાછળ બીજુ કોઇ ન હોઇ તેઓ ભટકતું જીવન જીવતા હતાં. થોડા દિવસથી નાગડકા વિનાભાઇની વાડીએ રોકાયા હતાં. હાર્ટએટેક આવી ગયાની શક્યતા જણાવાઇ હતી. જ્યારે ચોથી ઘટનામાં દિલની દગાખોરીને કારણે આધેડનો જીવ ગયો હતો. મવડીની શીવ ટાઉનશીપમાં રહેતાં અજયભાઇ હરિલાલ ભટ્ટ નામના સુડતાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ.

પરંતુ અહિ જીવ બચ્યો નહોતો. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. અજયભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં અને છુટાછેડા થઇ ગયા હતાં. તે ઇન્ટીરીયર ગ્રાફીક ડિઝાઇનનું કામ કરતાં હતાં.

હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. આમ ચાર અલગ અલગ ઘટનામાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

---

ઉતરાયણ વખતે દોરા પકડાય ત્યારે તે ક્યાંથી આવે છે? તે મુદ્દે સૌ દેકારા કરી મુકે છેઃ આકરૂ સત્ય આવ્યું સામે

# જીવલેણ દોરાનું ચીનમાં નહિ ગુજરાતમાં જ થતું હતું ઉત્પાદન!

પોલીસે ચાઇનીઝ દોરીની ફેક્ટરી ઝડપી લઇ પર્દાફાશ કર્યા બાદ ગોડાઉન ઝડપી લીધુંઃ અધધધ પોણાબે કરોડનો ઘાતક જોરો મળ્યોઃ રાજ્યભરમાં થતી હતી સપ્લાય



રાજકોટઃ જ્યારે પણ ગુજરાતમાં મકરસંક્રાંતિ પર્વ આવવાનું હોય એ પહેલા જીવલેણ ઘાતક એવા ચાઇનીઝ દોરાને ઝડપી લેવા, તેનું વેંચાણ કરનારા સામે કાર્યવાહી કરવા રાજ્યભરની પોલીસ મંડી પડતી હોય છે. જ્યારે પણ આવો ચાઇનીઝ દોરો પકડાય ત્યારે લોકો એવા સવાલ પુછવા માંડે છે કે આ દોરો ક્યાંથી આવે છે અને કોણ ઘુસાડે છે. આવા દોરાથી અનેક પરિવારના લાડકવાયાઓના ગળા કપાઇ જવાથી મોતની ઘટનાઓ પણ બની ચુકી છે. ત્યારે એક આકરા અને ચોંકાવનારા સત્યનો પોલીસે પર્દાફાશ કર્યો છે. જે મુજબ આ ચાઇનીઝ ઘાતક જીવલેણ દોરો ચીનથી નહિ પણ ગુજરાતથી જ આવતો હતો અને ગુજરાતભરમાં સપ્લાય થતો હતો. સુરતમાં આવો દોરો બનાવતી આખી ફેક્ટરી પકડી લઇ પોલીસે પર્દાફાશ કર્યો છે. સાથે સાથે એક ગોડાઉન પકડી લઇ તેમાંથી અધધધ પોણા બે કરોડનો ઘાતક દોરો જપ્ત કર્યો છે!

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાંથી પોલીસે પોણાબે કરોડ રૂપિયાની ચાઈનીઝ દોરો કબ્જે કર્યો છે. કરી છે. એલસીબી સ્ક્વોડે થોડાક દિવસો પહેલાં યાર્નના નામે ચાઈનીઝ દોરી બનાવી રહેલી ફેક્ટરી ઝડપી હતી એની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. ફેક્ટરી બાદ હવે ચાઈનીઝ દોરીનું ગોડાઉન પણ મળ્યું છે, જેમાં પોણાબે કરોડ રૂપિયાની ચાઈનીઝ દોરી અલગ-અલગ રાજ્યોમાં સપ્લાય કરવા માટે મૂકવામાં આવી હતી. એટલું જ નહીં, પોલીસ અને જીએસટી વિભાગને ગુમરાહ કરવા માટે તમામ બોક્સ પર ઈન્ડસ્ટ્રિયલ યુઝ લખવામાં આવ્યું હતું. ચાઈનીઝ દોરી કેટલી ઘાતક અને જીવલેણ છે એ જાણતા હોવા છતાં સુરત શહેરના પાંડેસરા અને સચિન જીઆઇડીસીમાં એની ફેક્ટરી ઘણા સમયથી ચાલી રહી હતી, જેના પર રેડ કરવામાં આવી હતી. એને ત્યાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર મામલે જ્યારે પોલીસે વધુ તપાસ હાથ ધરી ત્યારે ફેક્ટરીની સાથે ગોડાઉન પણ મળ્યું આવ્યું છે. આ ગોડાઉનમાં કુલ ૧૭૧૦ જેટલાં મોટાં બોક્સ મળ્યા હતાં. આ બોક્સની અંદર ફિરકીની સાથે ચાઈનીઝ દોરી મળી હતી. મયૂર પટેલ અને સંજય પટેલ બંને ફેક્ટરી-ગોડાઉન ભાડે લઈ દેશનાં અલગ-અલગ રાજ્યોમાં ઘાતક ચાઈનીઝ દોરી મોકલી રહ્યા હતા. ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે ચાઈનીઝ દોરીની ફેક્ટરી મળી હતી, એની તપાસ કરતાં હવે પાંડેસરા જીઆઇડીસીમાં ચાઈનીઝ દોરી રાખવા માટે ગોડાઉન મળ્યું છે. ત્યાં જઈને તપાસ કરવામાં આવી તો મયૂરભાઈ પટેલ અને સંજયભાઈ પટેલ બંનેએ ભાડે પ્લોટ લીધો હતો. તેમણે જણાવ્યું હતું કે યાર્ન જે અમે બનાવી રહ્યા છીએ એને બહાર મોકલવાનું છે. જેનો સ્ટોક રાખવા માટે ગોડાઉનની જરૂરિયાત છે આ માટે આ પ્લોટ ભાડે લીધેલો હતો.

ગોડાઉનમાં તપાસ કરતાં ૧૭૧૦ જેટલાં મોટાં બોક્સમાં ચાઈનીઝ દોરી મળી હતી. એક બોક્સની અંદર ૪૦થી ૬૦ જેટલી ચાઈનીઝ દોરી સાથે ફિરકી મૂકવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રોડક્શનની કિંમત દોઢસો રૂપિયા પ્રતિ કિલો છે.

જો વેટ સાથે એની કિંમત ગણીએ તો મુદ્દામાલ સાથે કુલ કિંમત ૫૯.૮૫ લાખ રૂપિયા થાય છે અને બજાર કિંમત પ્રમાણે જુઓ તો ૧.૮૦ કરોડ રૂપિયા થાય છે, તેથી વધુ એક જાણવાજોગ નોંધ કરવામાં આવી હતી. એફએસએલ, જીએસટી વિભાગ અને તમામ નિષ્ણાતોની મદદ લઈ આગળ કાર્યવાહી થશે. તેમણે આ માલ સપ્લાય કરવા માટે એક ખાસ ઓફિસ બનાવી હતી. હાલ પ્રોપર બિલ્ડિંગની જાણકારી મળી નથી, પરંતુ જે વિગતો મળી છે એ મુજબ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાતના અન્ય શહેરોમાં તેઓ આ માલ સપ્લાય કરતા હતા.

આ ઉપરાંત ડીસીપીશ્રીએ વધુમાં કહ્યું કે ખાસ કરીને આ માલમાં અને બોક્સની પર માત્ર ઈન્ડસ્ટ્રિયલ યુઝ લખતા હતા, જેના કારણે ટેક્સની ચોરીનો પણ કિસ્સો હોઈ શકે છે.

આ માટે જીએસટીના અધિકારીઓને પણ જાણ કરવામાં આવી છે. તમામ એકાઉન્ટ નંબર, પાન નંબરની પણ વિગતો મેળવી તપાસ શરૂ કરાઈ છે. અગાઉ પાંડેસરા વિસ્તારમાં જે ફેક્ટરી પર રેડ કરવામાં આવી હતી અને ચાઈનીઝ દોરી જપ્ત કરવામાં આવી હતી એની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ફેક્ટરીનું ગોડાઉન પણ છે. ફેક્ટરી-ગોડાઉન બંને ભાડે ચલાવી રહ્યાં હતાં. હાલ જાણવાજોગ દાખલ કરવામાં આવી છે.

અવારનવાર દિવસોમાં જે પણ ફેક્ટ બહાર આવશે એના આધારે એફઆઈઆર અને ધરપકડની કાર્યવાહી કરવામાં આવશે. ફેક્ટરીમાં ફાઈન ફિલામેન્ટ યાર્ન બનાવવાના નામે આખું કારખાનું ચલાવવામાં આવતું હતું, પરંતુ યાર્ન બનાવવાની જગ્યાએ અહીં ચાઈનીઝ દોરી તથા એની ફિરકી બનાવી બહાર મોકલવામાં આવતી હતી. ખાસ કરીને ઉત્તરાયણ પર્વ દરમિયાન ફેક્ટરી બંધ રાખીને માત્ર યાર્નનું કામ કરાતું હતું. જેથી કોઈને શંકા ન આવે.

ઉત્તરાયણ પર્વ પસાર થયા બાદ આખા વર્ષ દરમિયાન ચાઈનીઝ દોરી અને ફિરકી બનાવવાનું કામ શરૂ કરાતું હતું અને આ દોરીને અલગ અલગ શહેરોમાં મોકલી વેચાણ કરવામાં આવતું હતું. તપાસમાં વધુ ધડાકા થવાની શક્યતા છે.

---

# સેન્ટ્રલ ઝોનમાં ૧૧૦૦ ચો.મી જગ્યા ખુલી કરાવતું TP વિભાગ

## ખડકી દેવાયેલા ગેરકાયદે બાંધકામોને કરવામાં આવશે દૂર

રાજકોટ, તા. ૧૦

છેલ્લા ઘણા સમયથી રાજકોટ શહેર અને જિલ્લામાં જે ગેરકાયદે બાંધકામો હોય તેવી મિલકતોને ઓળખી તેના પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે કારણ કે આ માટે રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક બોડીને ખાસ આ અંગે તાકીદ કરી યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા અને દબાણોને દૂર કરવા માટેના આદેશો પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તથા રાજકોટ જિલ્લા શહેરી વિકાસ સત્તા મંડળ સંયુક્ત રીતે તેમના અધિકાર ક્ષેત્રમાં આવતી જે મિલકતો કે જેના પર દબાણો થયેલા હોય તેને દૂર કરવા માટે હાલ દરેક પ્રયત્નો અને પ્રયાસો કરી રહ્યું છે જ્યાં ભાગરૂપે ગઈકાલે મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા સેન્ટ્રલ ઝોન હેઠળ આવેલા બે બાંધકામને તોડી પાડવામાં આવ્યા અને આશરે ૧૧૦૦ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાવવામાં આવી.



માત્ર રાજકોટ જિલ્લામાં જ નહીં પરંતુ શહેર અને રૂડા વિસ્તારમાં પણ હજુ ઘણી ખરી એવી જગ્યાઓ પડેલી છે કે જેના પર દબાણો થયેલા હોય પરંતુ તબક્કાવાર હાલ સ્થાનિક પ્રશાસન દ્વારા દબાણોને દૂર કરવામાં આવી રહ્યા છે જે સૌથી મહત્વની બાબત કહેવાય. માત્ર સેન્ટ્રલ ઝોન જ નહીં પરંતુ ઈસ્ટ ઝોન અને વેસ્ટ ઝોનમાં પણ હાલ ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓ અને સીટી એન્જિનિયર દ્વારા ખાસ એવો અભ્યાસ પણ કરવામાં આવી રહ્યો છે અને જે જગ્યા પર દબાણો દેખાય તો તેને દૂર કરવા માટેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. હજુ ઈસ્ટ ઝોન વાતો ૯૦૦ થી વધુ ગેરકાયદે દબાણોને દૂર કરવા માટેનો તખતો તૈયાર કરવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી તેના પર કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી ત્યારે તજજ્ઞોના જણાવ્યા અનુસાર એ અંગે પણ હાલ ચર્ચા ચાલી રહી છે ત્યારે જોવાનું એ રહ્યું કે શું આવનારા દિવસોમાં મહાનગરપાલિકા ઈસ્ટ ઝોન ખાતે છે યાદી તૈયાર કરવામાં આવી તે દબાણને દૂર કરશે કે કેમ અને કરશે તો હજુ કેટલો સમય લાગશે.

આ તમામ વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે નાયબ મ્યુનિસિપલ કમિશનર એચ આર પટેલ ની સૂચના ને અનુસરી ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વોર્ડ નંબર ત્રણમાં આવેલા રેલ નગર વિસ્તારમાં રુદ્ર રેસીડેન્સી ની સામે તથા જંકશન પ્લોટ વિસ્તારમાં સિંધી કોલોની રહેણાંકમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરી આશરે ૧૧૦૦ ચોરસ મીટર જગ્યા ખુલી કરવામાં આવી હતી. એટલું જ નહીં આ કાર્ય દરમિયાન કોઈપણ પ્રકારનો વિરોધ ન ઉદ્ભવે તે વાતની ગંભીરતાને ધ્યાને લઈને હાલ પૂરતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્ર.નગર પો.સ્ટે નો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

cheers+
Multi Speciality Hospitals
Ahmedabad / Rajkot
અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુઃખાવાનાં સ્પેશ્યાલીસ્ટ
રાજકોટમાં
૧૩-૦૪-૨૦૨૫, રવિવાર
સવારે ૧૧.૦૦ વાગ્યા થી




Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM.,
DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy
(Pune, USA, Japan)
લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?
+ પગમાં કે કમરમાં દુઃખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે
દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર
સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર
::ફાયદાઓ:
• ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
• દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
• ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ
મેડિક્લેઈમ માન્ય સારવાર
અવર સ્પેશ્યાલીટી
• પેઈન મેનેજમેન્ટ • યુરોલોજી • ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી
• એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી • જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા
• ઓર્થોપેડિક્સ • ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી • મેડિસીન
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો
+91 9898745145
હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com

# ગાંધીગ્રામ નંદનવન ક્વાર્ટરમાં પડોશી બાખડ્યા ઢીકાપાટુ, ધોકા, તપેલીથી દે ધનાધન

## રિક્ષા પાર્કિંગના મુદ્દે થયો ડખ્ખોઃ મનિષાબેન કનારાની પડોશી તૌસિફ અને તેના પત્નિ સામે અને તૌસિફની મનિષાબેન અને તેના પતિ ગોપાલ કનારા વિરૂધ્ધ ફરિયાદ

રાજકોટ: પહેલો સગો પાડોશી એ કહેવત ઘણીવાર અમુક પાડોશીઓ નાની મોટી વાતે બાખડી પડી ખોટી પાડતાં હોય છે. આવી જ એક ઘટના ગાંધીગ્રામ નાણાવટી ચોક નંદનવન આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં બે પરિવારો વચ્ચે બની છે. જેમાં પાર્કિંગમાં રિક્ષા રાખવા મુદ્દે જામી પડતાં એક મહિલાના ઘરમાં પડોશી દંપતિએ ઘુસી મારામારી તોડફોડ કરી હતી અને મહિલાને પાઇપ ફટકારી હાથમાં ઇજા પહોંચાડાઇ હતી. સામે હુમલો કરનાર પણ સારવાર માટે દાખલ થયો હતો અને પોતાને પડોશી દંપતિએ તેના ઘરમાં ખેંચી વાળ ખેંચી કપડા ધોવાના ધોકા તથા તપેલીથી માર માર્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંનેની એફઆઇઆર દાખલ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે નાણાવટી ચોક નંદનવન આવાસ યોજના ક્વાર્ટર નં. ૧૦૭ બ્લોક નં. ૧૨માં ચોથા માળે રહેતાં મનિષાબેન ગોપાલભાઇ કનારા નામના પાંત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી આ બ્લોકમાં જ ક્વાટ્ર નં. ૧૦૭માં રહેતાં તૌસિફ હનીફભાઇ હુનાણી અને તેના પત્નિ આયેશા તૌસિફ હુનાણી વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મનિષાબેન કનારાએ જણાવ્યું છે કે હું મારા પતિ સાથે રહી સિલાઇ કામ કરી ગુજરાન ચલાવુ છું. મારા પતિ રિક્ષા હંકારવા સાથે ઘર પાસે કટલેરીની કેબીન પણ ચલાવે છે. છેલ્લા દસેક દિવસથી અમારી સાથે મારા દેરાણી શિલ્પા અને દિયર જયવીર પણ અમારી સાથે રહે છે. બુધવારે અમારે કટલેરીનો સામાન ખુટી જતાં મારા દિયરની રિક્ષા લઇને અમે કટલેરી ખરીદવા ગોંડલ ગયા હતાં. રાતે સાડા દસેક વાગ્યે પરત આવ્યા હતાં. એ દરમિયાન ચોથા ળામે જ રહેતાં બહેન કે જેનું નામ મને આવડતું નથી પણ ચારેક મહિના પહેલા નવા રહેવા આવ્યા હોઇ ત્યારે નામ પુછતાં પોતે દરબાર છે તેવુ કહ્યું હતું. દરમિયાન રમઝાન મહિનો આવતાં આ બહેનના પતિ માથે મુસ્લિમ સમાજ પહેરે તેવી ટોપી પહેરીને આવતાં મેં તે બહેનને આ બાબતે પુછતાં તેણીએ પોતે હિન્દુ દરબાર છે પણ મુસ્લિમ સાથે લવમેરેજ કર્યા છે તેમ કહ્યું હતું.

આ બંને પતિ-પત્નિએ અમારા ઘરનો દરવાજો ખખડાવતાં દરવાજો ખોલ્યો હતો. આ વખતે મહિલાના પતિએ તમારી રિક્ષા લઇ લો મારે મારી રિક્ષા રાખવી છે તેમ કહેતાં અમે કહેલુ કે તમે ભાડેથી રહો છો અને અમારે ઘરનું ઘર છે. રિક્ષા રાખવાનો પહેલો હક્ક અમારો છે. જેથી મહિલાના પતિએ તારે બાધવુ જ છે ને? તેમ કહી ગાળો દીધી હતી અને મારા ઘરમાં રહેલા ગરબીના સ્પીકરને પછાડી ફ્રીઝનો દરવાજો ખુલ્લો હોઇ તે જોરથી પછાડી તેમજ વાયરીંગ તોડી નાંખી સામાન ફેંકવા માંડ્યો હતો. મારા પતિએ તેને આવુ ન કરવા સમજાવતાં આ શખ્સ અને તેની પત્નિએ તમે હજી અમને ઓળખતા નથી તેમ કહી રિક્ષા તો તમારે પાર્કિંગમાંથી લેવી જ પડશે કહી મને, મારા પતિ, દેરાણી, દિયર સાથે ઝપાઝપી કરી ઢીકાપાટા મારી આખા ખાનદાનને મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારપછી એ શખ્સે રિક્ષામાંથી પાઇપ લાવી મને હાથના કાંડા પર મારી દીધો હતો. માણસો ભેગા થઇ જતાં આ પતિ-પત્નિ ભાગી ગયા હતાં અને મને હોસ્પિટલે ખસેડાઇ હતી. બાદમાં અમે પડોશીઓની પુછતાછ કરતાં આ હુમલો કરનારનું નામ તૌસિફ હનીફભાઇ મુનાણી અને તેની પત્નિનું નામ આયેશા હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ આ બનાવમાં તૌસિફ હનીફભાઇ મુનાણી નામનો ત્રીસ વર્ષનો યુવાન પણ સિવિલ હોસ્પિટલમાં પોતાના પર હુમલો થયાની ફરિયાદ સાથે દાખલ થયો હતો. પોલીસે તેની ફરિયાદ પરથી ગોપાલ આહિર, મનિષાબેન ગોપાલ આહિર અને અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો. તૌસિફે જણાવ્યું હતું કે હું ચાર પાંચ મહિનાથી આ ક્વાર્ટરમાં રહુ છું અને માધાપર ચોકડીથી ગોંડલ ચોકડીના પાટે રિક્ષાના ફેરા કરુ છું. મેં બે વર્ષ પહેલા મુકેશભાઇ મણવરની દિકરી કિરણ સાથે લવમેરેજ કર્યા છે. પરિવાના સભ્યોએ રાજીખુશીથી કોર્ટ મેરેજ કરાવી દીધા છે. મારા માતા-પિતા બજરંગવાડીમાં રહે છે.

તૌસિફે આગળ કહ્યું હતું કે કોર્ટ મેરેજ બાદ મૌલાનાની હાજરીમાં નિકાહ પડી લીધા છે. મારી પત્નિ કિરણના આ બીજા લગ્ન છે. તેની આગલા ઘરની દિકરી પણ મારી અમારી સાથે રહે છે. મારી પત્નિનું નામ બદલીને આયેશા રાખેલ છે. રાતે નવેક વાગ્યે હું, મારી પત્નિ આયેશા અને દિકરી રિક્ષા લઇ મારા માતાને તબિયત સારી ન હોઇ ટીફીન દેવા ગયા હતાં. ત્યાંથી પરત સાડા દસેક વાગ્યે ઘરે આવ્યા ત્યારે હું જ્યાં રોજ મારી રિક્ષા પાર્ક કરુ છું ત્યાં અમારી વિંગમાં જ રહેતાં ભાઇએ તેની બે રિક્ષા રાખી દીધી હોઇ હું તેને તમારા સગાની એક રિક્ષા દૂર હટાવી લો તો મારી રિક્ષા રાખી શકુ તેમ કહેવા જતાં તેણે બીજી રિક્ષા પણ મારી જ છે અને તે હટશે નહિ તેમ કહી ઝઘડો કર્યો હતો. તેમજ તેના પત્નિ સહિતની સાથે મળી મને વાળ ખેંચી તેના ઘરમાં લઇ જઇ કપડા ધોવાના ધોકાથી માર માર્યો હતો.

આ ઉપરાંત તપેલીથી પણ માથામાં માર મારી વિખોડીયા ભરી ધમકી આપી હતી. માણસો ભેગા થઇ જતાં મને છોડાવ્યો હતો. એ પછી મને દવાખાને ખસેડાયો હતો. બાદમાં મને ખબર પડી હતી કે મારી સાથે મારામારી કરનારનું નામ ગોપાલ આહિર અને તેના પત્નિનું નામ મનિષાબેન આહિર છે. તેમ વધુમાં તૌસિફે કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ એચ. જે. જોગડાએ બંનેની ફરિયાદ દાખલ કરી હતી.

### રાજકોટના ભાયાસરના રેતી-કપચીના ધંધાર્થી યુવાનને કોઠારીયા રહેતાં તેના જ સગાએ ફોન પર સતત ધમકાવતાં વાત પોલીસમાં પહોંચી

# પોણા બે કરોડની જમીન ખરીદનારને ધમકી : પગ મુકશો તો મારી નાંખીશ!

## નાગદાન હુંબલની FIR પરથી આજીડેમ પોલીસે ઘનશ્યામ જળુ સામે કરી કાર્યવાહીઃ જમીન વેંચનાર ભરત કુગશીયા પાસેથી પૈસા લેવાના છે તેમ કહી ડખ્ખો કર્યો



રાજકોટઃ જમીન અને રૂપિયાના ડખ્ખામાં માથાકુટ થતી હોવાના બનાવો અગાઉ પણ બની ચુક્યા છે. દરમિયાન રાજકોટના સરધાર નજીકના ભાયાસરમાં રહેતાં રેતી-કપચીના ધંધાર્થી યુવાને રાજકોટ તાલુકાના રામપરા-ચિત્રા ગામમાં ખેતીની ત્રણ એકર જમીન એક કરોડ એંસી લાખમાં જમીનના માલિક પાસેથી ખરીદતાં તેને કોઠારીયાના શખ્સે ફોન કરી આ જમીન તમારે લેવાની નથી, મારે જમીન માલિક પાસેથી રૂપિયા લેવાના છે, સોદો કેન્સલ કરી નાખજો અને જમીનમાં પગ મુકશો તો મારી નાંખીશ તેવું કહી ફોનમાં બેફામ ગાળો ભાંડી મારી નાખવાની ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં આજીડેમ પોલીસે રાજકોટના ભાયાસર ગામે રહેતાં અને કમિશનથી રેતી-કપચીનો ધંધો કરતાં નાગદાનભાઇ નારણભાઇ હુંબલ નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી કોઠારીયા સ્વાતિ પાર્કના પાણીના ટાંકા પાસે રહેતાં ઘનશ્યામ પ્રભાતભાઇ જળુ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. નાગદાનભાઇએ જણાવ્યું હતુ કે અઢી મહિના પહેલા અમારી જ્ઞાતિના રામપર બેટીના ભરતભાઇ વાઘજીભાઇ કુગશીયાની ખેતીની જમીન જે રામપરા (ચિત્રા) ગામના રેવન્યુ સર્વે નં. ૩૬ પૈકી ૨ની કરારવા નામથી ઓળખાય છે અને જુની શરતની છે તે હે.આશરે ચો.મી.૧-૨૧-૪૦ ચો.મી. બરાબર એકર ૩-૦૦ જે ખેતીની જમીન છે તેનો સોદો કર્યો હતો.

નક્કી થયા મુજબ જમીનનો રજીસ્ટર સાટાખત તા. ૧/૨/૨૫ના રોજ કરાયો હતો. જેમાં ખરીદનારા તરીકે મારા પિતા નારણભાઇ રાવતભાઇ હુંબલ તથા વેંચનાર તરીકે ભરતભાઇ વાઘજીભાઇ કુગશીયા છે. અમે જમીન રૂા. ૧,૮૩,૦૦,૦૦૦માં ખરીદી હોઇ જે પૈકી ૨૦ લાખ રૂપિયા ટોકન પેટે આપ્યા હતાં. બાકીના રૂપિયા સાત મહિનામાં ચુકવી જમીનનો દસ્તાવેજ કરી આપવાનું નક્કી થયું હતું. અમે આ જમીન ખરીદ કર્યા બાદ અમારા સંબંધી ઘનશ્યામ જળુ જે કોઠારીયા સ્વાતિ પાર્ક પાસે રહે છે તેણે મને ફોન કરી કહેલું કે ભરતભાઇ કુગશીયા પાસેથી મારે રૂપિયા લેવાના છે, તમે તેની જમીન ખરીદ કરતાં નહિ, જમીનમાં પગ પણ મુકતા નહિ.

જેથી મેં કહેલુ કે અમે તો જમીન ખરીદી લીધી છે, તમારે ભરતભાઇ સાથે જે વાંધો હોય તે તેની સાથે વાત કરો. ત્યારપછી પણ ઘનશ્યામ જળુએ અવાર-નવાર મને ફોન કરી જમીનનો સોદો કેન્સલ કરવાનું કહ્યું હતું. દરમિયાન ૨૬/૩/૨૫ના રોજ રાતે પોણા દસેક વાગ્યે ઘનશ્યામ જળુએ ફરીથી મને ફોન કરી જમીનનો સોદો કેન્સલ કરવાનું કહી જેમ ફાવે તેમ ગાળો દઇ જમીનમાં પગ મુકીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતાં મેં કોલ રેકોર્ડ કર્યો હતો અને અરજી કરી હતી. સતત ધમકી ચાલુ હોઇ અંતે ફરિયાદ દાખલ કરાવવી પડી છે. તેમ વધુમાં ભરતભાઇએ કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં એએસઆઇ એચ. આર. ચાનીયાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# મનહરપુરમાં યુવાનની લાશ તેના જ ઘરમાંથી કોહવાયેલી, દુર્ગંધયુકત મળી

## મોટો ભાઇ પાંચ દિવસથી બહારગામ હોઇ મૃતક જયેશ ઘરે એકલો હતોઃ મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ



### શક્તિ સોસાયટીમાં ૪ા વર્ષના બાળકને તાવ ભરખી ગયો

રાજકોટઃ જામનગર રોડ પર મનહરપુર ઢોળાના મફતીયાપરામાં રહેતાં યુવાનની કોહવાયેલી અને દુર્ગંધ યુક્ત લાશ તેના જ ઘરમાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ યુવાનનો મોટો ભાઇ પાંચ દિવસથી બહારગામ હોઇ પોતે ઘરે એકલો જ હતો. મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું છે.

વિગતો પર નજર કરીએ તો નવી કોર્ટ સામે મનહરપુર ઢાળમાં આવેલા એક મકાનમાંથી અત્યંત દૂર્ગંધ આવતી હોઇ અને ઘરનો દરવાજો અંદરથી બંધ હોઇ આસપાસના લોકોએ પોલીસને જાણ કરતાં યુનિવર્સિટી પોલીસની ટીમે પહોંચી દરવાજો તોડાવી અંદર તપાસ કરતાં યુવાનની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી.

પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ મૃત્યુ પામનાર યુવાનનું નામ જયેશભાઇ ભાણજીભાઇ ઘાવરી છે. તેની ઉમર બેતાલીસ વર્ષ હતી. તે બે ભાઇમાં નાનો હતો. તેના મોટા ભાઇ પાંચેક દિવસથી બહારગામ ગયા હોઇ પોતે ઘરે એકલો જ હતો. તેના પિતા હયાત નથી. માતા કચ્છમાં રહે છે. આસપાસમાં થઇ રહેલી ચર્ચા મુજબ મૃતકને દારૂનો નશો કરવાની આદત હતી. આશરે ત્રણેક દિવસ પહેલા તે ઘરમાં કોઇ કારણોસર બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. ઘરે કોઇ ન હોઇ ત્રણ દિવસથી લાશ કોહવાઇ રહી હતી. આજે દૂર્ગંધ ચાલુ થતાં પડોશીએ પોલીસને જાણ કરી હતી. બહારગામ ગયેલા તેના ભાઇ આવ્યા બાદ પોલીસ વિશેષ કાર્યવાહી કરશે.

બીજા બનાવમાં સામા કાંઠે સંત કબીર રોડ પર રહેતાં પરિવારના સાડાચાર મહિનાના નવજાત દિકરાનું તાવ આવ્યા બાદ મૃત્યુ થયું હતું. સંત કબીર રોડ પર શક્તિ સોસાયટી-૮માં સરદાર સ્કૂલ પાસે રહેતાં અશ્વિનભાઇ ગોહલનો પુત્ર જય કે જેની ઉમર સાડાચાર મહિના હતી તેને તાવ આવતો હોઇ બેભાન જેવો થઇ જતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ .સારવાર કારગત ન નીવડતાં મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ઝનાના હોસ્પિટલ મારફત બી-ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી થઇ હતી. મૃત્યુ પામનાર જય બે ભાઇમાં નાનો હતો. પિતા વિમા એજન્ટ તરીકે કામ કરે છે. લાડકવાયાના મૃત્યુથી ગોહેલ પરિવારજનો શોકમાં ગરક થઇ ગયા હતાં.

# ભગવાન મહાવીર સ્વામીનાં જન્મ કલ્યાણક મહોત્સવની દબદબાભેર ઉજવણી

## ૧૦૮થી વધુ વાહનો, આકર્ષક ફ્લોટ સાથે ભગવાન મહાવીરનો ભવ્ય શોભાયાત્રામાં ગુંજયો નાદ

## :શોભાયાત્રામાં વિન્ટેજ કારોના કાફલાએ જગાવ્યું આકર્ષણઃ ૬૫ યુવાનોએ ઉઘાડા પગે ખેંચ્યો પ્રભુજીનો રથ



રાજકોટ મિરર, તા.૧૦

શહેરમાં આજે ભગવાન મહાવીર સ્વામીનાં ૨૬૨૩માં જન્મ કલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મણીયાર દેરાસર ખાતેથી સવારે વિન્ટેજ કાર સાથેની ભવ્ય ધર્મયાત્રા નીકળી હતી. ૬૫ જેટલા યુવાનોએ ઉઘાડા પગે ચાલીને પ્રભુજીનો રથ ખેંચ્યો હતો. આ ધર્મયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. ઠેર-ઠેર ધર્મયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ તકે ખાસ પ્રભુજીના પારણાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

રાજકોટમાં સમસ્ત જૈન સમાજ દ્વારા આજે ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુજીના દિવ્ય પારણાના ઉદઘાટન સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. બાદમાં સવારે બાળકો માટે વેશભૂષા અને ધર્મયાત્રા યોજવામાં આવી હતી. વિન્ટેજ કારો ધર્મયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. ધર્મયાત્રામાં કુલ ૧૦૮ થી વધુ સુશોભીત કાર અને આકર્ષક ફલોટ જોડાયા હતાં.

ધર્મયાત્રાનો પ્રારંભ મણીયાર દેરાસરથી કરવામાં આવ્યો હતો. શ્રોફ રોડ, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, જવાહર રોડ, ત્રિકોણબાગ, બાપુના બાવલા, ભૂપેન્દ્ર રોડ, મુળવંતભાઈ દોમડિયા ચોક, ડુંગરસિંહજી મ.સા. ચોકમાં ફરી વિરાણી પૌષધ શાળા ખાતે પૂર્ણ થઇ હતી. ત્યાર બાદ ધર્મસભા તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાતેક હજાર કરતા વધુ જૈન સમાજના લોકો જોડાયા હતા.

ધર્મયાત્રા અંતર્ગત ૧૪ જેટલી અલગ અલગ કમિટીઓ બનાવવામાં આવી હતી. શોભાયાત્રા દરમિયાન ઠેર-ઠેર તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં નવપદની રચના કરતા સ્ટેજ રાખવામાં આવ્યા હતા. અંદાજિત ૧૦૮ બાળકોએ નવપદની રચનામાં ભાગ લીધો હતો. ગઈકાલે આ મહોત્સવ અંતર્ગત બાળકો માટે ચિત્ર અને રંગોળી સ્પર્ધા રાખવામાં આવી હતી. જેને નિહાળવા માટે આકાશવાણી પાસે આવેલ શ્રીમદ્દ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ ખાતે આજે સવારે ૮થી રાત્રે ૧૦ સુધી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ધર્મયાત્રા દરમિયાન પણ પાણી, શરબતની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**રાજકોટ ચેમ્બર**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મંત્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરર વિનોદભાઈ કાછડીયા, કારોબારી સભ્ય નિલેશભાઈ ભલાણી, રાજેશભાઈ જુંજા, સત્યેનભાઈ પટેલ દ્વારા ભગવાન મહાવીરની યોજાયેલ વિશાળ શોભાયાત્રાનું ઉત્સાહ પુર્વક હર વર્ષની જેમ અભિવાદન કરાયું હતું.

**શહેર કોંગ્રેસ**

શહેરમાં નીકળેલી મહાવીર સ્વામીની ભવ્ય શોભાયાત્રાનું ફુલછાબ ચોક ખાતે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય ભાવભીનું સ્વાગત કરાયું હતું અને જૈન ધર્મ ભાઈઓને શુભેચ્છાઓ પાઠવી હતી.સ્વાગત કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, જાણીતા ન્યુરો સર્જન ડોક્ટર હેમાંગ વસાવડા, ભાવેશભાઈ બોરીચા, મયુરભાઈ શાહ, જલ્પેશભાઈ વાઘેલા, જયંતીભાઈ હિરપરા, જીતુભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# IPLના મેચ પર સટ્ટો રમતાં ત્રણ શખ્સને DCB-PCBએ દબોચ્યા

## મોબાઇલ આઇડીનો ઉપયોગ કરી ત્રણેય દાવ લગાડતાં હતાં



રાજકોટઃ જૂગાર, દારૂની પ્રવૃતિને અટકાવવા શહેરના તમામ પોલીસ સ્ટેશનોની ટીમો ઉપરાંત એલસીબી, ક્રાઇમ બ્રાંચ પણ કાર્યવાહી કરે છે. બીજી તરફ દારૂ-જૂગાર અટકાવવા જેને ખાસ જવાબદારી સોંપાઇ છે તે પીસીબીની ટીમ તથા ક્રાઇમ બ્રાંચે જૂગારના વધુ દરોડા પાડી કોઠારીયા રોડ, કોલસાવાડી , અને પેડક રોડ પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં ત્રણ શખ્સોને પકડી લીધા હતા.

વિગતો જોઇએ તો પેડક રોડ પર એક શખ્સ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની બાતમી મળતા પીસીબીના હેડ કોન્સ કે.આર.જાડેજા તથા વિજયભાઇ મેતા સહિતે દરોડો પાડી પેડક રોડ પર એસ.બી.આઇ. બેન્ક પાસે મોબાઇલમાં આઇડી પર આઇપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા મહેશ જગદીશભાઇ લીંબાસીયા (રહે. સત્યમ પાર્ક શેરી નં.૨, ૮૦ ફૂટ રોડ)ને તથા હેડ કોન્સ કિરતસિંહ ઝાલા તથા કોન્સ વાલજીભાઇ જાડા સહિતે કોઠારિયા મેઇન રોડ પર વેણું રેસ્ટોરન્ટ પાસેથી મોબાઇલમાં આઇડી પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ચીરાગ સુધીરભાઇ વરૂ (રહે. ગીતાનગર મેઇન રોડ રામેશ્વર એપાર્ટમેન્ટ)ને પકડી લીધો હતો.

આ ઉપરાંત ક્રાઇમ બ્રાંચના એ.એસ.આઇ. અનીલભાઇ સોનારા તથા કોન્સ જીલુભાઇ ગરચર સહિતે બાતમીના આધારે કોલસાવાડી ચોક પાસે દરોડો પાડી મોબાઇલ ફોનમાં આઇ.ડી. પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા મુરલી વિનોદભાઇ ભાવનાણી (રહે. ગાયકવાડી સોસાયટી શેરી નં. ૬/૧૦, રવીસાગર એપાર્ટમેન્ટ) ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ બધા કપાત કોની પાસે કરાવતાં હતાં તેની તપાસ થઇ રહી છે.

# બ્લેક ફિલ્મવાલા ૧૧૩૪ વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી

## શહેરમાં સ્પેશિયલ ડ્રાઇવ યોજી ટ્રાફિક પોલીસે અનેક વાહનોમાંથી બ્લેક ફિલ્મ કઢાવી



રાજકોટ મિરર, તા.૧૦

શહેરમાં ફોર વ્હીલર વાહનોમાં બ્લેક ફિલ્મ લગાવી સીન-સપાટા કરતા ૧૧૩૪ સામે ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન પોલીસે દંડાત્મક કાર્યવાહી કરતા રોલા કરતા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે.

ડીસીપી ટ્રાફીક પુજા યાદવનાં માર્ગદર્શન હેઠળ ટ્રાફીક પોલીસ શાખાએ આવા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવા ખાસ ડ્રાઇવનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ ડ્રાઇવમા ટ્રાફીક પોલીસ શાખા દ્વારા એક અઠવાડીયામા ૧૧૩૪ જેટલા વાહન ચાલકોની બ્લેક ફિલ્મ ઉતારી દંડનીય કાર્યવાહી કરવામા આવી હતી.

રાજકોટ શહેરમા વાહન ચાલકોની ટ્રાફીક નિયમો તોડતા અટકાવવા અને ટ્રાફીક નિયમોને લઇ જાગૃત કરવા માટે રાજકોટ શહેર ટ્રાફીક શાખા દ્વારા તા. ૨ થી ૯ સુધી બ્લેક ફિલ્મો વાળા વાહન ચાલકો વિરુધ્ધ વિશેષ ડ્રાઇવનુ આયોજન કરવામા આવ્યુ હતુ. ટ્રાફીક ડીસીપી પુજા યાદવનાં માર્ગદર્શન હેઠળ અલગ અલગ ચારેય સેકટરનાં પીઆઇ અને પીએસઆઇ તેમજ સ્ટાફ દ્વારા ટ્રાફીક નીયમોનો ભંગ કરતા અને બ્લેક ફિલ્મ ધરાવતા ૧૧૩૪ વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વીકમા ટ્રાફીક શાખા દ્વારા ૧૩૦૦ થી વધુ વાહન ચાલકોમા લગાડવામા આવેલી બ્લેક ફિલ્મો ઉતારી અને તેઓ સામે દંડનીય કાર્યવાહી કરવામા આવી હતી. ટ્રાફીક ડીસીપી દ્વારા જણાવાયુ હતુ કે આગામી દિવસોમા પણ કારમા ગેરકાયદેસર લગાવવામા આવેલા કાળા કલરની ફિલ્મ સામે કાર્યવાહી કરવામા આવશે. તેમજ વાહન ચાલકો નીયમોનુ ચુસ્તપણે પાલન કરે અને ટ્રાફીકનાં નીયમો પાડે તેવી સુચના આપવામા આવી હતી.

તેમજ આગામી દિવસોમા રોંગ સાઇડમા વાહન ચલાવતા ચાલકો સામે પણ શખ્ત કાર્યવાહી કરવામા આવશે. રોંગ સાઇડ વાહન ચલાવવાનાં કારણે અકસ્માતોનાં બનાવ બની રહયા છે આ અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે અને અકસ્માતો ન બને તે માટે આ ડ્રાઇવનુ આયોજન કરવામા આવશે. તેમજ ટ્રાફીકનાં નિયમોનુ પાલન થાય તે માટે ટ્રાફીક શાખા દ્વારા આગામી દિવસોમા જાહેર માર્ગો પર ટ્રાફીક ડ્રાઇવનુ આયોજન કરવામા આવનાર છે.

રૈયાધાર આવાસના યુવાનને પત્નિ રિસામણે ગયાનું માઠુ લાગ્યું, ભગવતીપરાના યુવાને અકળ કારણે છોડી દુનિયા

# બે યુવાને ગળાફાંસો ખાઇ શ્વાસ થંભાવ્યા

## ત્રીજી ઘટનામાં આર વર્લ્ડ પાસે ટુવ્હીલર અકસ્માતમાં દેવપરાના આધેડની જિંદગીનો આવી ગયો અંતઃ એક મહિલા અડફેટે આવતાં તેમને પણ થઇ હતી ઇજા

રાજકોટઃ રાજકોટ શહેરમાં અલગ અલગ ઘટનાઓમાં બે યુવાને ગળાફાંસો ખાઇ મોતનો રસ્તો મેળવી લીધો હતો. તો એક આધેડનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું. રૈયાધાર પાસે રાણીમા રૂડીમા ચોક પાસેના આવાસ ક્વાર્ટરમાં રહેતાં યુવાને અને ભગવતીપરામાં રહેતાં યુવાને ગળાફાંસો ખાઇ જિંદગી ટુંકાવી હતી. તો દેવપરાના આધેડનું ધરમ સિનેમા નજીક ટુવ્હીલર અકસ્માતમાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. આ આધેડના વાહનની ઠોકરે ચડેલા એક મહિલા પણ ઘાયલ થયા હતાં.



વિગતો પર નજર કરીએ તો રૈયાધાર રાણીમા રૂડીમા ચોક પાસે આવેલા આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં સચીનભાઇ રમેશભાઇ ચાવડા નામના બત્રીસ વર્ષના યુવાને પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. સાંજે સચીન રૂમમાંથી બહાર આવ્યો ન હોઇ માતા તેને બોલાવવા દરવાજો ખોલતો ન હોઇ પડોશીઓને બોલાવી દરવાજો તોડીને જોતાં દિકરો લટકતો મળતાં કલ્પાંત સર્જાયો હતો. કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. તેના તબિબે સચીનભાઇને મૃત જાહેર કર્યો હતો. પોલીસ કન્ટ્રોલ રૂમ મારફત જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ જીતુભાઇ બાળા સહિતે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

વધુ માહિતી અનુસાર આપઘાત કરનાર સચીનભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતો. તે મજુરી કરી ગુજરાન ચલાવતો હતો અને માતા-પિતા સાથે રહેતો હતો. તેની પત્નિ બે વર્ષથી રિસામણે હોઇ તેના કારણે માઠુ લાગી જતાં આ પગલુ ભરી લીધાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી.

ગળાફાંસો ખાઇ મોત મેળવી લેવાની બીજી ઘટના જોઇએ તો ભગવતીપરામાં ભારત પાન પાસે રહેતાં હેમલરાજ ચનાભાઇ ચુડાસમા નામના પાંત્રીસ વર્ષના યુવાને સાંજે ઘરે ઓરડીમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તપાસમાં બહાર આવ્યા મુજબ આપઘાત કરનાર હેમલરાજ ચુડાસમા છુટક મજૂરી કરતો હતો. તે બે ભાઇ અને પાંચ બહેનમાં નાનો હતો. સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. સગાના કહેવા મુજબ હેમલરાજને કોઇ તકલીફ નહોતી. સાંજે તે ઘર પાસે આવેલી બીજી ઓરડીમાં ન્હાવા માટે ગયો હતો. પરંતુ મોંડે સુધી બહાર ન આવતાં પત્નિ મયુરીબેન તપાસ કરવા જતાં પતિ લટકતી હાલતમાં મળતાં દેકારો મચાવ્યો હતો. આ દેકારાને પગલે પરિવારજનો, લોકો ભેગા થઇ જતાં બેભાન હાલતમાં હેમલરાજને નીચે ઉતારી સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ જીવ બચી શક્યો નહોતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભગીરથસિંહે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. કારણ બહાર ન આવતાં પોલીસ અંતિમવિધી બાદ મૃતકના પરિવારજનોના નિવેદન નોંધી કારણ શોધવા પ્રયાસ કરશે.

ત્રીજા એક મૃત્યુના બનાવમાં વાહન અકસ્માતની ઘાત એક પરિવારના આધારસ્તંભને ભરખી ગઇ હતી. ગયા રવિવારની રાતે અગિયારેક વાગ્યે ધરમ સિનેમા કે જે હવે આર વર્લ્ડ તરીકે ઓળખાય છે તેની નજીક વાહન અકસ્માત સર્જાયો હતો.

જેમાં દેવપરામાં રહેતાં બાઇકચાલક વિજયભાઇ ખુશાલભાઇ પાટડીયા નામના પિસ્તાલીસ વર્ષના આધેડને ગંભીર ઇજા પહોંચી હતી. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. વિશેષ માહિતી અનુસાર દેવપરામાં રહેતાં વિજયભાઇ પાટડીયા ગયા રવિવારે આટો મારવા માટે ઘરેથી બાઇક લઇને નીકળ્યા બાદ આર વર્લ્ડ પાસે પહોંચ્યા ત્યારે એક રાહદારી બહેન આડે આવી જતાં તેની સાથે બાઇક અથડાતાં પોતે બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. તેમજ વર્ધમાનનગર-૬માં રહેતાં પારૂલબેન મનિષભાઇ નફા કે જે બાઇકની ઠોકરે ચડ્યા હતાં તેમને પણ ઇજા થતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જો કે મહિલાને સારવાર બાદ રજા અપાઇ હતી.

જ્યારે વિજયભાઇને ગંભીર ઇજા પહોંચી હોઇ વેન્ટીલેટર પર રખાયા હતાં. આજે તેમણે દમ તોડી દેતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્રદ્યુમનનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર વિજયભાઇ ઇમિટેશનનું કામ કરે કરતાં હતાં. પોતે બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. તેમના મૃત્યુથી દિકરા, દિકરીએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી.

આમ બે બનાવમાં બે પરિવારના યુવાનોએ ફાંસો ખાઇ પોતાનો શ્વાસ રૂંધી નાંખ્યો હતો અને એક ઘટનામાં એક પરિવારના મોભીને વાહન અકસ્માતની ઘાત નડી ગઇ હતી.

# ડો. આંબેડકરના જન્મદિને વિવિધ સેવાકાર્યો

## શહેરમાં રવિવારે ૧૩૭ નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પ : નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઇઝેશન, વિશ્વ હિન્દુ પરિષદ , સેવાભારતી તથા ડો. હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિનું સંયુક્ત આયોજન

રાજકોટ મિરર, તા.૧૦

વંચિતોના વિકાસ માટે આજીવન કાર્યરત રહેલા ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મદિવસની ઉજવણી રાજકોટમાં સેવાકીય કાર્યો થકી કરવામાં આવશે.

નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશન, વિશ્વ હિન્દુ પરિષદ , સેવાભારતી તથા ડો. હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે, સમગ્ર ગુજરાતમાં સેવા વસ્તીઓમાં નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન હાથ ધરાયું છે. જે અંતર્ગત રાજકોટ શહેરના પાંચેય ઝોનની સેવા વસ્તીઓમાં ૧૩૭ સ્થળે તા.૧૩ એપ્રિલ ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨ વાગ્યા સુધીમાં નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પ યોજવામાં આવશે.

આ કેમ્પોમાં આશરે ૫૦૦થી વધુ સેવાભાવી કાર્યકર્તાઓની ટીમ અને ૧૦૦થી વધુ ડોક્ટરની ટીમો દ્વારા સેવાવસ્તીમાં જઈને લોકોના આરોગ્યની વિનામૂલ્યે તપાસ કરવામાં આવશે. આમ ડોક્ટર આંબેડકરજીને અનોખી સેવાંજલિ અર્પણ કરવામાં આવશે. આ કેમ્પમાં નિદાન બાદ લોકોને જરૂર પડ્યે વિનામૂલ્યે દવા પણ આપવામાં આવશે.

ભારત માતા તથા ડો. આંબેડકરજીની તસવીરને પુષ્પહાર અર્પણ કરીને દીપ પ્રાગટ્ય બાદ નિઃશુલ્ક નિદાન કેમ્પનો પ્રારંભ કરવામાં આવશે. જેમાં સર્વ સમાજના આગેવાનો જોડાશે. વિવિધ વિસ્તારોમાં કેમ્પ યોજવા માટે હાલ સેવાભાવી કાર્યકર્તાઓ પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે.

રાજકોટમાં રૈયાધાર સેવા વસ્તી, ગુરુજીનગર સેવા વસ્તી આવાસ યોજના, વૃંદાવન નગર, વિશ્વ નગર સેવા વસ્તી, કોઠારીયા સોલવન્ટ, સ્વાતિનગર, નીલકંઠનગર, અટીકા, મંછાનગર માર્કેટિંગ યાર્ડ, છોટુનગર સેવા વસ્તી સહિતના વિસ્તારોમાં આ કેમ્પ યોજાશે. આ કેમ્પનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ કેમ્પ માટે રાજકોટના વિવિધ ડોક્ટર્સ એસોસિએશનનો સહયોગ મળી રહ્યો છે.

આ કેમ્પ માટે સી.એ. પ્રવીણભાઈ ધોળકિયા, કિશોરભાઈ મુંગલપરા, ડો. નરેન્દ્રભાઈ દવે, બાદલભાઈ સોમમાણેકના માર્ગદર્શનમાં ટીમો કાર્ય કરી રહી છે.

### ઝોન -૧ વર્ધમાન

આંગણવાડી કેન્દ્ર, સોરઠીયા પ્લોટ., મોચી બજાર, શ્રધ્ધાનંદ વાલ્મીકી હરિજનવાસ, વોર્ડ ઓફિસ, બાલાજી મંદિર પાસે.,રામનાથ મહાદેવ મંદિર પાસે.,લલુડી વોકડી, રામદેવ મધુલી, નકલંક નગર.કોઠારિયા કોલોની વર્ડ ઓફિસ.,નંદઘર, ભવનાથ મંદિર સામે.,ખોડિયાર મંદિર.,કોલવા હનુમાન મંદિર.,કપિલા હનુમાન મંદિર, ૮૦ ફૂટ રોડ વાણીયાવાડી ગાર્ડન.,વિવેકાનંદ નગર.,રામેશ્વર મંદિર.,રામપાર્ક - ૨, રામવન સામે, કોઠારીયા રીંગ રોડ.,કર્મજ્યોત વિદ્યાલય, દિપ્તીનગર - ૫, હુડકો પોલીસ સ્ટેશન પાછળ, ,કોઠારીયા રોડ,ખોડિયાર મંદિર, ખોડિયાર ચોક, સોલવન્ટ ક્વાર્ટર.

### ઝોન -૨ મારૂતિ

બેકબોન , માધપર ગામ પાસ,માધાપર ગામમાં,રધેઇયામ ગૌ શાળા, રામાપીર ચોકડી , રૈયા ધાર વિસ્તાર , પાણીના ટાંકા વાડ શેર,મનેશ્વર મહાદેવનું મંજીદીર, મનહર પુર ગામ, જામનગર રોડ,,માત્રુશ્રી સોસાયટ મહાદેવનું મંજીદીર, મારૂતી નગર, ડાંગર કોલેજ પાછલ, જામનગર રોડ,શાસ્ત્રીનગર -૩, રામદેવપીર ચોક, શાસ્ત્રીનગર , ધરમ નગર ૧૫૦ ફી,ટ રીંગ રોડ,,અંબામાં નુ મંદિર, કૃષ્ણ નગર, વોરા સોસ. પાસે.,માધાપર ચોકડી પાસે, પુલ નીચે, સ્વામીનારાયણ મંદિર પાસે,નિધી સ્કુલ, ગાંધીગ્રામ, ભારતીનગર -૨,ફળેશ્વર મહાદેવનું મંદિર, બજરંગ વાડી, ભુષણ ગેસ એજન્સી પાસે,ન્યુ રંગ ઉપવન, શેરી નં. ૩, છોટુનગર સામે, હનુમાન મઢી પાસે,,અમરજીત નગર, ગોપનાથ મંદિર, વકિલ સાહેબ ગાર્ડન પાસે,છોટુનગર બસ્તી, અલ્કપુરી -૩, હનુમાન મઢી પાસે,કિટીપરા, ખોડીયાર માતાનું મંદિર, સીધી કોલોનીની બાજુમાં,શ્રી રામ સોસાયટી, સ્લમ કવાર્ટર, આવાસ યોજનાની બાજુમાં,૫૩ કવાર્ટર, કર્ણેશ્વર મહાદેવ મંદિર ની બાજુમાં, પોપટપરા,મંગલ પાડે સ્કુલ, જેલ પાછળ, રૂખડીયા,મહારાણા પ્રતાપ ટાઉન શીપ, રેલનગર,ડો. હેડગેવાર ટાઉનશીપ, રેલનગર,સંતોષીનગર, બાબુભાઇ પરેસાના ઘર પાસે, રેલનગર,સુભાષચંન્દ્ર બોઝ ટાઉન શીપ, રેલનગ્ર લોકમાન્ય ટાઉન સામે,અવધ બંગલો, પાણીના ટાંકા પાસે. રેલનગર

### ઝોન -૩ રણછોડ

આઝાદ હનુમાન મંદિર, પાંજરાપોળ, મેલડી માતાના મંદિર વાળો રોડ., આંગણવાડી કેન્દ્ર, ખીમાટીડાના શોરૂમ આગળ ઢાળ ઉતરતા, લાલપરી., ડો. આંબેડકર હોલ, ભીમરાવનગર-૨, પધ્યુમન પાકે સામે, માર્કેટીંગ યાડે પાછળ., વિજય કુમાર છાત્રાલય, ગામલક્ષ્મી સોસાયટી, પેડકરોડ., વિજયવંત હનુમાનજી મંદિર, નદી કાંઠે, ભગવતીપરા., રામાપીરનું મંદિર, રોહીદાસપરા, રણછોડ દાસ આશરમ વાળો રોડ, આંગણવાડી, ૧૬/૧૮ નો ખુણો વેલનાથપરા., ઉધમસિંહ ટાઉનશીપનું પાર્કીંગ, ડી-માટે વાળો રોડ., લોકમાન્ય ટીલક ટાઉનશીપનું પાર્કીંગ, રાજહાઈટસ વાળી શેરી, પટેલ વિજય ડેરી ની સામે, શિવધારા સોસાયટી પાછળ., નરસિંહ મહેતા ટાઉનશીપનું પાર્કીંગ, સ્વામી નારાયણ મંદિર ની બાજુમાં, ડી-માટેની પાછળ., શેરી નં.૫,જય જવાન જય કીશાન, નવ દુર્ગા ગરબી મંડળ ચોક, મંડપમાં., સર્વેશ્વર સ્કુલ, સમજુ પાન વાળો રોડ, નવાગામ,સુયેમુખી હનુમાનજી મંદિર માં, લાલપરી, મોરબીરોડ, નવાજકાત નાકા, ‘‘રામનામ વિલા એપાર્ટમેન્ટમાં‘‘, લાખાજીરાજ ઉધોગ નગર શેરીનં.૧૩, ચુનારાવાડ. ,‘‘સેવા ભારતી ભવન‘‘, અમુલ સકેલ ચોક, ૮૦ ફુટ રોડ., જય વડવાળા ચોક, ભારતનગર મેઈન રોડ, ગુજરાત હાઉસિંગ બોડે, રાજ ચામુંડા ચોક, હઠીલા હનુમાન મંદિર, મહાકાળી ચોકથી આગળ, ગંજીવાડા શેરી નં.૧૭, ભીમરાવ, કુવા વાળા હનુમાન, આર.ટી. ઈન્ડસ્ટ્રીઝ, માનસરોવર, દેવકીનંદન સોસાયટી, મહીકા મેઈન રોડ. બેડી ગામ રતનપર, પાથમીક શાળા ગૌરીદળ પાથમીક શાળા, સીતારામ ડેરી વાળી શેરી.

### ઝોન - ૪ નટરાજ

લોધાસમાજની વાડી, ૧૨- વિજય પ્લોટ, શ્રી દરજી સમાજની વાડી, બ્રહ્મસમાજ ચોક, રૈયા રોડ ,એચ. એન. શુક્લા કોલેજ,વૈશાલી નગર ,આંગણવાડી, ગૌતમ નગર,આવાસ યોજના, હિંગળાજનગર,શ્યામપ્રસાદ મુખર્જી સોસાયટી, કાલાવડ રોડ,પરિશ્રમ સોસાયટી, કાલાવડ રોડ,ઓમ કો-ઓપરેટિવ સોસાયટી, કાલાવડ રોડ,શિલ્પન રેવા ફલેટના ખૂણા પર, તોરલ પાર્ક,તોરલ-૧-૨, (પ્રશીલ),શ્રી સોસાયટી, સરિતા વિહાર પાછળ, કાલાવડ રોડ,શ્રી અને આદર્શ (સરિતા વિહાર),મંગલમ હનુમાન મંદિર,છબ્બઈ આંગણવાડી ૫૦,છબ્બઈ આંગણવાડી ૫૧,છબ્બઈ આવાસગેટ પાસે, લોર્ડસ સ્કૂલ સામે,છબ્બઈ આંગણવાડી ૨૯,એકલવ્ય નગર,જનકપુરી,આવાસ,ગુરુજી નગર-૧,ગુરુજી નગર-૨,ગુરુજી નગર-૩,હનુમાનજી મંદિર,રામદેવજી મહારાજ મંદિર,આંગણવાડી,ડો. આંબેડકર ચોક,ગોપાલક હોસ્ટેલ,ધર્મેશ્વર મંદિર,મારવાડી સેવા વસ્તી,ચાર આઈ મંદિર વિસ્તાર રૈયાધાર,ઈન્દિરા નગર, રૈયાધાર,રૈયા ગામ - ૧,રૈયા ગામ - ૨,ધરમ નગર - ૧,ધરમ નગર - ૨

### ઝોન - ૫ લક્ષ્મી

લોધેશ્વર સેવા વસ્તી,એકતાનગર ક્વાર્ટર,ગોકુલધામ ક્વાર્ટર,આંબેડકર એકતાનગર કવાર્ટરન-,નહેરુ નગર,ચામુંડા નગર આવાસ,વિશ્વ નગર,ખોડીયાર મંદિર,સાગર ચોક છબ્બઈ કવાટર,અર્જુન પાર્ક,ઓમ નગર દેશળ ભગત,ભીમ નગર,ગંગા વસ્તી,ભવાની વસ્તી,લક્ષ્મણ ટાઉનશીપ રામાયણ વસ્તી,સીતાજી ટાઉનશીપ રામાયણ વસ્તી શિવ ટાઉનશિપ શ્યામલ વસ્તી,નારાયણ નગરના લોકો લાભ લઇ શકશે તેવું વિશ્વ સંવાદ કેન્દ્ર, સૌરાષ્ટ્ર પ્રાંત, રાજકોટ દ્વારા જણાવાયું છે.

રૂપિયા માટે બટાઝટી

# યુવાનનું કુટુંબી ભાઇઓએ માથું રંટી નાંખ્યુંઃ આંખ સ્હેજમાં બચી

## ખાખરાપરા ગામની ઘટનાઃ યુવાનને સારવાર માટે રાજકોટ ખસેડાયો



રાજકોટઃ પૈસા માટે માથાકુટની અવાર-નવાર બનતી ઘટના વચ્ચે વધુ એક આવો બનાવ બન્યો હતો. જેમાં એક યુવાનને તેના જ કુટુંબી ભાઇઓએ પૈસા મામલે ધોકા-પાઇપથી એવો ફટકાર્યો હતો કે લોહીલુહાણ થઇ ગયો હતો. એક પાઇપનો ઘા એવો જોરદાર હતો કે આંખ માંડ બચી હતી. યુવાનને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ચોટીલાના ખાખરાપર રહેતો ગોપાલ મશરૂભાઇ રંગપરા નામનો પચ્ચીસ વર્ષનો યુવાન સાંજે ગામની ચોકડીએ હતો ત્યારે મોટા બાપુના દિકરા એવા કુટુંબી ભાઇ હીરા કરસન રંગપરા, રાજુ, રામજી મશરૂ સહિતનાએ ધોકા-પાઇપથી હુમલો કરી આડેધડ માર મારતાં દેકારો મચી ગયો હતો. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. ગોપાલના પરિવારજનોને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી તેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે થાન અને ત્યાંથી રાજકોટ ખસેડતાં સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ભગીરથસિંહ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇએ થાન પોલીસને જાણ કરી હતી. ગોપાલના કહેવા મુજબ તે ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેના તાજેતરમાં લગ્ન થયા છે. પોતે ચાર ભાઇ અને ચાર બહેનમાં નાનો છે. કુટુંબી ભાઇએ જુના મનદુઃખને કારણે અને તમારે અમને પૈસા આપવા પડશે, પૈસા આપો તેમ કહી ઝઘડો કરી આ હુમલો કર્યો હતો. ખરેખર હુમલાનું કારણ શું? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી.

ફ્લેટના સોદામાં રોકાણ કરવાથી નફો મળશે કહી આંબા આંબલી બતાવ્યાઃ છેલ્લે કહી દીધું રૂપિયા નથી દેવા થાય એ કરી લેજો

# રાજકોટમાં PSI જેબલિયા સાથે ૫.૫૦ લાખની ઠગાઈ

## જૂનાગઢ પીટીસીમાં ફરજ બજાવતા ફોજદાર અગાઉ રાજકોટ ફરજમાં હતાં ત્યારે નયન સેજપાલે મિત્રતા કેળવી જાળમાં ફસાવ્યાઃ ગાંધીગ્રામ પોલીસમાં ગુનો દાખલ

રાજકોટ મિરર, તા.૧૦

શહેરમાં છેતરપિંડીના બની રહેલા બનાવો વચ્ચે એક પી.એસ.આઇ. સાથે ગઠીયાગીરી કરવામાં આવી છે. જુનાગઢ પીટીસીમાં ફરજ બજાવતા પીએસઆઇ અગાઉ રાજકોટ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે તેની સાથે પરિચય કેળવી મિત્રતા કેળવી ફ્લેટના સોદામા રોકાણ કરવાથી નફો મળશે તેવું કહી પીએસઆઇ પાસેથી રોકડ મેળવી લીધા બાદ આજ સુધી પરત ન આપી છેલ્લે હવે રૂપિયા નથી દેવા થાય તે કરી લેજો તેમ કહી ધમકી આપતા પીએસઆઇએ કાયદેસરની કાર્યવાહી કરી છે

બનાવની વિગતો પર નજર કરીએ તો રેસકોર્સ રીંગરોડ પર ગેલેક્સી સિનેમા પાસે રાજેશ બી ૫ એપાર્ટમેન્ટમાં રહેતા પીએસઆઇ મહેન્દ્રકુમાર ભીખુભા જેબલીયાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે નયન જતીન સેજપાલ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. પીએસઆઇ જેબલિયાએ જણાવ્યું છે કે હું ગુજરાત પોલીસમાં પો. સબ.ઇન્સ તરીકે નોકરી કરુ છુ અને હાલમાં પી.ટી.સી જુનાગઢ ખાતે ફરજ બજાવુ છુ. મેં એક અરજી ૨૦૧૯માં કરી હતી. એ વખતે હું રાજકોટ ખાતે રહેતો હતો અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો ત્યારે એક શખ્સ નયન જતીન સેજપાલ (રહે. સીનર્જી હોસ્પીટલ પાસે)ની સાથે મારે સંપર્ક થયેલો અને મારી જોડે મિત્રતા કેળવેલ અને કહેલ કે હુ જમીન મકાનની દલાલી કરુ છુ. તમારે પ્રોપટીમાં કોઇ રોકાણ કરવુ હોય મને દલાલી આપો તો હુ મારા ધ્યાનમાં ઘણી પ્રોપર્ટી છે.તેણે મને પ્રોપર્ટીના લિસ્ટ મને બતાવેલ હતા. ત્યારબાદ અવાર નવાર તે ફોન કોલ તથા વોટસએપ કોલ પણ કરી દારુ જુગારની બાતમી પણ આપીશ તેમ જણાવતો હોય જે બાબતે અમારે વાતચીત થતી હતી. તા.૧ ૦/૧૦/૨૦૧૯ના રોજ બપોરના તેના મોબાઇલ ઉપરથી મારા મોબાઇલ ઉપર કોલ આવેલ કે ફ્રી હોય તો સીનર્જી હોસ્પીટલ આવો મે જવાબમાં હુ કામમા છુ તેમ જણાવીને ફોન કટ કરેલો. ત્યારબાદ સાંજે ફરીથી મારા પર કોલ આવેલ કે ફ્રી હોય તો સીનર્જી હોસ્પીટલ આવો એક પ્રોપર્ટીમાં રોકાણ કરવા જેવુ છે.



ત્યારબાદ હુ સીનર્જી હોસ્પીટલ ગયેલ અને નયન સેજપાલે મને જણાવેલ કે પાંચ લાખ રૂપીયાની વ્યવસ્થા કરો પચીસ લાખના એક ફ્લેટનુ ટોકન આપવુ છે અને એ ફ્લેટ લેનાર ગ્રાહક છે જેને ઓગણત્રીસ લાખમાં વેચી દેવો છે ચાર લાખનો ફાયદો થાય એમ છે તો હુ તમને બે લાખ આપીશ. તેવી વાત નયને કરેલ જેથી મેં કહેલ કે મારી પાસે નાણાની વ્યવસ્થા નથી એવુ જણાવેલ તો નયને કહેલ કે ગમે ત્યાંથી વ્યવસ્થા કરો મને અને તમને બંનેને ફાયદો થશે જેથી મે મારા નાના ભાઇ નરેંદ્રભાઇને રોકાણ કરવા જણાવતા પરિવારના સભ્યો પાસેથી મારા ભાઇએ પાંચ લાખની વ્યવસ્થા કરેલ અને મને આપેલ અને તા. ૧૧/૧૦/૨૦૧૯નવા નયન સેજપાલનો કોલ આવતા બપોરે સીનર્જી હોસ્પીટલની બાજુમાં રાજભોગમાં મળવાનુ કહેલ હતુ હુ તેના કહ્યા મુજબ બપોરના હુ મારી વૈન્યુ ગાડી લઇ રાજભોગ રેસ્ટોરેન્ટ પહોચતા નયન સેજપાલ ત્યાં હાજર હોય ચાલો મારી ઓફિસમાં પધારો તેમ જણાવેલ.

પાંચ લાખ મોટી રકમ હોઇ મને શંકા હોય જેથી મે મારા મોબાઇલમાં વીડીયો રેકોર્ડીંગ ચાલુ કરેલ અને ઝઇઅગઊં ઢઘઞ લખેલ ફટાકડાની સફેદ પ્લાસ્ટીકની થેલીમાં ૫૦૦ના દરની સો નોટોના ૧૦ બંડલ મળી કૂલ પાંચ લાખ રૂપીયા પ્લાસ્ટીકની થેલીમાં લઇ નયનની પાછળ પાછળ રાજભોગની ઉપર તેને જણાવેલ ઓફીસમાં ગયેલ અને નાણાની થેલી નયનને દેવા માટે ટેબલ ઉપર રાખેલ. ત્યારે નયને જણાવેલ કે સામેની પાર્ટી લેવા ત્યાર જ છે અને લોન પણ તૈયાર છે અને મકાનનો કબ્જો આપની પાસે છે તેવી વાતો કરી મને વિશ્વાસમાં લીધેલ.

મે પણ બાતમી મેળવવા અલગ અલગ વાતો કરેલ અને બાદમાં તેની ઓફીસમાં એક છોકરી આવેલ જેને ખુશ્બુ બેટા કહીને બોલાવતો હતો નયનએ આ નાણા લઇને ખુશ્બુને ગણવા માટે આપેલ હતા અને ખુશ્બુએ દસ બંડલ છે તેવુ જણાવેલ જે ખુશ્બુની જમણા હાથની કલાઈના ઉપરના ભાગે ટેટૂ હતુ. જે વીડીયો રેકોડીંગ મારી પાસે છે. આ નાણા આપી હુ ત્યાંથી નીકળી ગયેલ હતો ત્યારબાદ બીજા દિવસે રાત્રે નયને મને જામનગર રોડ ઘંટેશ્વર પાસે ફોચ્યૂર્યુન સેરેમનીમાં ઉપરના માળે જે માળ મને ચોક્કસ ખ્યાલ નથી તે ફ્લેટ દેખાડેલ હતો અને કહેલ કે આ ફ્લેટનો સોદો આપણે કરવાના છીએ. ત્યાં મારા મિત્ર દિપકભાઈ મારીચી આર.પી.એફના પી.એસ.આઇ હોઈ જે પણ તે બીલ્ડીંગમાં રહેતા હોઈ તેમને અમે મળેલ અને તેમના ફ્લેટ મે અને નયને ચા પાણી પીધેલ હતા. ત્યારબાદ દિવસો પસાર થતા નયનને ફ્લેટના સોદા બાબતે પુછતા ગલ્લા તલ્લા કરતો હોય અને ફરતુ ફરતુ બોલતો હોય અને રાહ જોવો સોદો થઇ ગયેલ છે પણ વાર લાગશે તેવુ જણાવતો હોય અને મહિનાઓ પસાર કરી નાખતા મે નયનને મારા પરિવારને પૈસા પરત આપવાના છે તેમ જણાવતા નયનએ કહેલ કે તમારા હિસાબમાં આવતા વધારાના બે લાખમાંથી દોઢ લાખ આપુ છુ બાકીના પચાસ હજાર પછી આપીશ. પાંચ લાખ મુડીની હાલ મારે જરૂર છે રોકાણ થઇ ગયેલ છે. તમે થોભી જાઓ તેવુ કહેતો હતો. ત્યારબાદ સમય વીતવા લાગતા મે અવાર નવાર પૈસાની ઉઘરાણી કરેલ પણ નયન જણા વતો હતો કે મારે ગામમાં એક કરોડ ચુકવવાના છે હુ દેણામાં ફસાઇ ગયેલ છુ બધાના દેવાના છે તમારા માસીના દિકરા ધ્રુવભાઇ પ્રકાશભાઇ કાળીયા રહે.અમરેલી વાળા જે મારા મિત્ર છે પહેલા તેમના પૈસા આપીશ પછી તમને પૈસા આપીશ તે મારા બંનેના પહેલા ચુકવવા છે પણ હમણા મારી પાસે પૈસા નથી તેમ કહીને મને રાહ જોવડાવેલી અને તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ મે તેના મોબાઇલ નંબર ઉપર કોલ કરતા તેને બહુમાળી પાસે મળવાની વાત કરેલી . અમો ત્યાં મળતા તેને મને કહેલ કે મે ત્રણ વર્ષથી જમીન મકાનનુ કામ બંધ કરી દિધેલ છે હુ તમને રૂપીયા આપી દઇશ તેમ કહી થોડે દુર જતો રહેલ અને પરત આવતા મે તેને કહેલ કે ચાર પાંચ વર્ષનો સમય વીતી ગયો હવે મારા રૂપીયા પરત આપી દે તો તેને મને કહેલ કે મારી પાસે રૂપિયાનો મેળ થયો નથી મારે દેવા પણ નથી થાય તે કરી લેજો તેવુ કહેલ હતુ તેમજ આ બાબતે મારી પાસે જરૂરી ઓડીયો તથા વીડીયો રેકોડીંગ છે જે હુ તપાસ સમયે રજુ કરીશ. કેમ વધુમાં પીયુ છે જેબલ એ જણાવતા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મેઘાણીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ એ.એસ.મકરાણીએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.




### રાજકોટ CGST અપીલના જોઈન્ટ કમિશનર તરીકે મુકેશ રાઠોડ

# અપીલના કેસોમાં ઈ-હિયરીંગ શરૂ

## હાલના જોઈન્ટ કમિશનર તારીખ ૧૧ ના છોડશે ચાર્જ : કરદાતાઓમાં ક્યાંક રાજીપો તો ક્યાંક અવઢવ

રાજકોટ, તા. ૧૦

કેન્દ્ર સરકાર અને દરેક સેન્ટ્રલ એજન્સી એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને લોકોને સહેજ પણ હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટેની એક ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ દ્વારા હવે ફરજિયાત પણે ઊ ઈંયફશિક્ષલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે ત્યારે આજની તારીખે પણ રાજકોટ કમિશનર અપીલ દ્વારા ફિઝિકલ હીયરિંગ જ કરવામાં આવે છે જે ખરા અર્થમાં અયોગ્ય છે આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છતાં સ્થિતિ જે છે તે મુજબ જ છે. જે ઓર્ડર કરવામાં આવ્યો છે તેમાં સ્પષ્ટ સૂચિત કરાયા છે કે જે પણ વેપારી રિક્વેસ્ટ કરે કે તેઓને ફિઝિકલ હીયરિંગ માં સાંભળવામાં આવે તે જ કિસ્સામાં કમિશનર અપીલ દ્વારા તેને ગ્રાહ્ય રાખવું કે કેમ તે અંગેનો નિર્ણય લઇ જો તેઓની પરવાનગી હોય તો જ વેપારીને ફિઝિકલ હિયરિંગ માટે બોલાવી શકાય કારણ કે સરકાર અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીઝનું માનવું છે કે હાલ જે રીતે ભારત દેશ ડિજિટલ ક્રાંતિ સર્જી રહ્યું છે તેવી જ રીતે હવે દરેક સરકારી કચેરીમાં પણ વધુને વધુ ડિજિટલ ટેકનોલોજી ન ઉપયોગ કરવામાં આવે જેથી લોકોને પણ કોઈ હેરાનગતિ ન રહે અને કામગીરી પણ ઝડપથી પૂર્ણ થઈ શકે પરંતુ આ પરિસ્થિતિ રાજકોટ સેન્ટ્રલ જીએસટી કચેરીમાં જોવા મળતી નથી અને દરેક અપીલના જે કેસો હોય તેને ફિઝિકલી જ હેન્ડલ કરવામાં આવે છે જે કાયદા વિરુદ્ધ છે તેવું જીએસટી વિભાગના જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે.

છેલ્લા ઘણા સમયથી રાજકોટના અધિકાર ક્ષેત્ર હેઠળ આવતા જે અપીલના કેસો છે તે ખૂબ વધુ છે સામે એક સારી વાત એ પણ છે કે સેન્ટ્રલ જીએસટી વિભાગના અધિકારીઓ એ તમામ કેસોનું તાકીદે નિવારણ પણ લઈ આવે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે જે અપીલના કેસોનું જે ઇ હીયરિંગ થવું જોઈએ તે ક્યારે થશે. મળતી માહિતી મુજબ રાજકોટ સેન્ટ્રલ જીએસટીના જોઈન્ટ કમિશનર અપીલ તરીકે મુકેશ રાઠોડની નિમણૂક કરવામાં આવી છે ત્યારે હાલના જે અપીલના જોઈન્ટ કમિશનર છે વિજય અગ્રવાલ તેઓ તારીખ ૧૧ ના રોજ પોતાનો ચાર્જ છોડશે. સેન્ટ્રલ જીએસટીના જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અત્યારે તેમના દ્વારા હવે ઈ હિયરિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે પરંતુ તે બાકી રહેતા દિવસોમાં તેમના દ્વારા ભૂતકાળમાં જે કેસ કરેલા હોય અને તે જ અપીલ બોર્ડ પર લઈ તેના પણ સુનાવણી હાથ ધરશે તો એ વાત તો નક્કી છે કે તેમાં શું નિર્ણય આવી શકે. હાલ આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ કરદાતાઓ અને ટેક્સ કન્સલ્ટન્ટ સતત ફફડી રહ્યા છે અને તેઓ ઇચ્છે છે કે હવે જે નવી થાય તે તારીખ ૧૧ પછી જ કરવામાં આવે જેથી નવા અધિકારી એટલે મુકેશ રાઠોડના વડપણ હેઠળ શરૂ થાય. રાજકોટ સેન્ટ્રલ જીએસટી વિભાગ અનેક મુદ્દાઓમાં હર હંમેશ ઘેરાયેલું રહેલું છે અને અનેકવિધ વિવાદો પણ થઈ રહ્યા છે ત્યારે મહત્વનું એ છે કે આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે. જે માટે હાલ તજજ્ઞ તથા ટેક્સ કન્સલ્ટન્ટ અવઢવ જોવા મળી રહ્યા છે.

છેલ્લા ઘણા સમયથી એટલે કે ગત છ માસથી રાજકોટ સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા એક પણ કેસમાં ઈ હિયરિંગ કરવામાં આવ્યું ન હતું જેને લઈને વેપારીઓ અને ટેક્સ કન્સલ્ટન્ટમાં ભારે નારાજગી જોવા મળી હતી કારણ કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ દ્વારા સ્પષ્ટ સૂચના અને આદેશ આપવામાં આવ્યો છે કે જે અપીલના કેસો હોય તેના માં સ્પેશિયલ ઈ હિયરિંગ કરવું ખૂબ જરૂરી છે પરંતુ એનકેન પ્રકારે રાજકોટ દ્વારા આદેશ જાણે માનવામાં આવતો ન હોય તેવું ચિત્ર ઊભું થયું ત્યારે કોઈ પણ વેપારી દ્વારા આ અંગે રિક્વેસ્ટ કરવામાં આવે તો જ ફિઝિકલ હિયરિંગનો લાભ આપી શકાય પરંતુ રાજકોટ જીએસટી ના જોઈન્ટ કમિશનર અપીલ વિજય અગ્રવાલ દ્વારા દરેક અપીલના કેસોમાં ફિઝિકલ હિયરીંગ જ આપવામાં આવતું હતું. તેને લઈને રાજકોટમાં ઘણો ખરો રોષ વ્યાપી ઉઠ્યો હતો. અરે નવનિયુક્ત એવા મુકેશ રાઠોડ કે જેવો હવે જોઈન્ટ કમિશનર અપીલ તરીકે જોડાયા છે તેઓ શું ઇ હિયરિંગને પ્રાધાન્ય આપશે કે પછી ફિઝિકલ હીયરિંગ ને તે તો આવનારો સમય જ જણાવશે.

સેન્ટ્રલ જીએસટી રાજકોટના સૂત્રોના જણાવ્યા અનુસાર જે અપીલના કેસમાં ફિઝિકલ હિયરિંગ જ થતું તેમાં હવે ઈ હિયરિંગ આપવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જેથી કરદાતાઓને ક્યાંક રાહતની અનુભૂતિ થઈ છે તો ક્યાંક તેઓ અવઢવમાં પણ આવ્યા છે.

### કોઈ સાથે મનદુઃખનું વેર વાળવા હીન પ્રયાસ?

# પાણી પીવાથી ૧૧૮ને ઝેરી અસર હત્યાના પ્રયાસનો ગુન્હો

## સુરતમાં હીરાના કારખાનામાં ચાર-પાંચ શકમંદો પોલીસના સકંજામાં : સમગ્ર ઘટનાથી સુરતમાં ચકચાર



રાજકોટ મિરર, તા.૧૦

સુરતમાં એક હીરાના કારખાનમાં પાણી પીધા બાદ ૧૧૮ હીરાઘસુની અચાનક તબિયત લથડતા તમામને સારવારમાં ખસેડાયા હતા. આ બનાવ માનવ સર્જિત હોવાની પોલીસને ક્રમશઃ કડીઓ મળી રહી છે. હાલ રત્ન કલાકારોની હત્યાના પ્રયસો ગુન્હો નોંધી પોલીસે તપાસનો દૌર શરુ કર્યો છે.

સુરતના કપોદ્રામાં ગત બુધવારે પાણી પીધા બાદ ૧૧૮ રત્નકલાકારોની તબિયત લથડી હતી. કાપોદ્રા વિસ્તારના અનભ જેમ્સ નામના કારખાનામાં ૧૧૮ રત્નકલાકારોને પાણી પીધા પછી ઝેરી દવાની અસર થઈ હતી. મળતી માહિતી મુજબ, કોઈએ અનાજમાં નાખવાની સેલફોસ નામની દવા પીવાના પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં ભેળવી દીધી હોવાની સામે આવ્યું છે. તમામ રત્નકલાકારોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનામાં ૬ દર્દીઓ આઈસીયુમાં સારવાર હેઠળ છે. આ મામલે કાપોદ્રા પોલીસ મથકમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, સુરતના કાપોદ્રા વિસ્તારમાં મીલેનીયમ કોમ્પ્લેક્સમાં અનભ જેમ્સ નામનું હીરાનું કારખાનું આવેલું છે, જ્યાં પાણી પીધા બાદ ૧૧૮ રત્નકલાકારોની તબિયત લથડી હતી. જેથી પાણીના કુલરમાં તપાસ કરતા તેમાં સેલફોસની પડીકી મળી આવતા ચકચાર મચી ગઇ હતી. આ મામલે પોલીસ દ્વારા હત્યાના પ્રયાસ ઈગજ ૧૦૯ (૧)ની કલમ હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે.

જે જગ્યા પર ફિલ્ટર હતું ત્યાં સીસીટીવી નથી. કારખાનાથી વાકેફ હોય તેવા વ્યક્તિ એટલે કે કારખાના કારીગર દ્વારા જ આ કૃત્ય કરવામાં આવ્યું હોય તેવી આશંકા છે. જેથી પોલીસ એફએસએલની સાથે ટીમ બનાવીને અસરગસ્ત ૧૧૮ સહિત કારખાનામાં બેસતા તમામ રત્નકલાકારોના નિવેદન લેવામાં આવી રહ્યા છે. આ મામલે સ્થાનિક ડીસીપી આલોકકુમારે મીડીયાને જણાવ્યું હતું કે 'શંકાસ્પદ જણાયેલા ચારથી પાંચ જેટલા કારીગરોની કાપોદ્રા પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી છે. આ સાથે જ ટીમો બનાવીને વધુ તપાસ ચાલી રહી છે. અનભ જેમ્સના કારીગરોના લિસ્ટ પ્રમાણે પણ તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે જ અનભ જેમ્સની અંદર આવેલા ડીલર અને સબ ડીલરની પણ તપાસ કરવામાં આવી રહી છે. જેના માટે ત્રણ ટીમ બનાવવામાં આવી છે. અત્યાર સુધીની પૂછપરછ હજુ કંઈ નક્કર વાત સામે આવી નથી. અત્યાર સુધીમાં ૫૦ જેટલા નિવેદન પણ લેવામાં આવ્યા છે.

# જીકાસની કામગીરી પૂર્ણ કરવા શિક્ષણ વિભાગનો આદેશ

## ૨૫૦થી વધુ સેન્ટરો શરૂ : વિદ્યાર્થીઓના નામ ઈ-મેઈલ અને મોબાઈલ નંબર સાથે વિદ્યાર્થીઓના કિવક રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા શરૂ




રાજકોટ, તા. ૧૦

જીકાસ પોર્ટલ પર કામગીરી ઝડપભેર આટોપી લેવા શિક્ષણ વિભાગ દ્વારા તાકીદ કરવામાં આવી છે ત્યારે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની અગવડતા નો સામનો ન કરવો પડે તે માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભવન તથા સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે પરિણામ પૂર્વે જીકાસ પોર્ટલ પર તાકીદે રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે એટલું જ નહીં આ કામગીરી માટે અઢીસોથી વધુ સેન્ટરો પણ શરૂ કરી દેવાયા છે . પરંતુ વિદ્યાર્થીઓના એડમીશન કોર્ષવાઈઝ સેન્ટ્રલ એડમીશન લીસ્ટ જો બહાર પાડવામાં આવે તો જ ખરા અર્થમાં આ યોજના સિદ્ધ થઈ શકે તેમ છે. ગત વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સેન્ટ્રલ એડમિશનની કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી પરંતુ આ વખતે જોવાનું રહ્યું કે શું વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર યુનિ.દ્વારા જીકાસમાં રજિસ્ટ્રેશન માટે યુનિ.ભવનો અને કોલેજોના સેન્ટરો ધમધમતા કરાયા છે. જેમાં વિદ્યાર્થીઓના નામ ઈ-મેઈલ અને મોબાઈલ નંબર સાથે વિદ્યાર્થીઓના કિવક રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યા છે. પરંતુ રાજયસરકારના આ પોર્ટલ થકી વિદ્યાર્થીઓને જે તે કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે સાનુકુળતા જળવાઈ રહેશે કે કેમ? તેનો આગામી સમય જ બનાવશે સૌરાષ્ટ્ર યુનિ.સહિત રાજયની ૧૬ યુનિ.ઓમાં સ્નાતક અને અનુસ્નાનક કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે જીકાસ પોર્ટલ પર હાલ કિવક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાયેલ છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિ.દ્વારા આ માટે કેમ્પલના તમામ ભવનો અને યુનિ.સંલગ્ન કોલેજો મળી કુલ ૨૫૦ સેન્ટરો શરૂ કરાયા છે.

ગત વર્ષે આ પોર્ટલ કારગત નથી .વિદ્યાર્થીઓને એડમીશન મેળવવા માટે કોલેજોની હડીયાપટ્ટી કાઢવી પડી હતી.અહી બે પણ ઉલ્લેખનીય છે કે આ વખતે ગુજરાત કોમન એડમિશન સર્વિસીઝે (જીસીએએસ) પોર્ટલ મારફતે કોલેજમાં એડમિશન મેળવવામાં રાજયના કોઈ વિદ્યાર્થીને હાલાકી ન પડે તેનું ધ્યાન રાખવા માટે રાજયના શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા તાકીદ કરવામાં આવી હતી. આ માટે ગાંધીનગર ખાતે રાજયની યુનિ.ઓના કુલપતિઓની બેઠક બોલાવી સર્વગ્રાહી સમિક્ષા કરવામાં આવી હતી. આગામી તા.૧૫ એપ્રિલ સુધીમાં તમામ સરકારી યુનિ.ઓને જીકાસ સંદર્ભેની બાકીની કામગીરી પૂર્ણ કરી દેવા પણ કુલપતિઓને તાકીદ કરી દેવામાં આવી છે.

### 'હળદરના વાવેતર'ના નામે રાજકોટ સહિત રાજ્યભરના અનેક લોકોનું કરી નાંખનારી મહારાષ્ટ્રની લેભાગુ કંપનીના એક પછી એક કારસ્તાન ખુલી રહ્યા છેઃ સુત્રધાર ઝડપાયે થશે વધુ નવા ધડાકા

# ઠગાઈના નાણાથી ઠગ કંપનીએ ૨૬૭ એકર જમીન ખરીદી!

## ક્રાઈમ બ્રાંચની રિમાન્ડ પર રહેલા ચાર શખ્સો ઓકી રહ્યા છે વિગતોઃ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલની રાહબરીમાં પોલીસ ઇન્સ. એમ. એલ. ડામોરની ટીમની તપાસઃ જમીનોના દસ્તાવેજો કબ્જે કરવા કાર્યવાહી

રાજકોટ તા. ૧૦

હળદરના વાવેતરના નામે કરોડોના કૌભાંડમાં શહેર ક્રાઇમ બ્રાંચ દ્વારા ચાલી રહેલી તપાસમાં એક પછી એક નવા ધડાકા થઇ રહ્યા છે. આ કૌભાંડમાં જે ચાર આરોપી ભાગીદારોને પકડવામાં આવ્યા છે તેના દસ દિવસના રિમાન્ડ મળતાં તપાસને આગળ ધપાવવામાં આવી હતી. આ ચારેયની પુછપરછમાં નવો જ ધડાકો થયો છે. તે મુજબ કૌભાંડના નાણામાંથી મહારાષ્ટ્રની ચીટર કંપનીએ મહારાષ્ટ્રમાં જ કરોડોની ૨૬૭ એકર જેટલી જમીનો ખરીદી લીધી હતી! હવે પોલીસ પુરાવા એકઠા કરવા આ જમીનોના દસ્તાવેજ એકઠા કરવા અને સુત્રધાર સહિત ત્રણ આરોપી મહારાષ્ટ્રની જેલમાં હોઇ તેનો કબ્જો મેળવવા તપાસ આગળ ધપાવી રહી છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના નવલનગર વિસ્તારમાં આવેલી ધર્મભક્તિ વેન્ચર પ્રા. લિ. નામની ખેતી પ્રોડક્ટની લે-વેચ કરતી કંપની સાથે હળદરના કોન્ટ્રેક્ટ ફાર્મિંગના કરાર કરી ૬૫ કરોડથી વધુની ઠગાઇના મામલે ક્રાઇમ બ્રાંચે ઝડપી લીધેલા કંપનીના ૪ ભાગીદારોની રિમાન્ડ દરમિયાન પ્રાથમિક પુછતાછમાં છેતરપીંડીના નાણામાંથી મહારાષ્ટ્રમાં ૨૬૭ એકર જેટલી જમીન ખરીદી લેવામાં આવ્યાની ત્રણેયએ કબુલાત આપતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના સીધા માર્ગદર્શન હેઠળ તપાસ કરી રહેલા ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર એમ. એલ. ડામોર દ્વારા આ કેફીયત સંદર્ભે પુરાવા એકત્ર કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

રાજકોટની કંપની પાસેથી મહારાષ્ટ્રની એએસ એગ્રી એન્ડ એક્વા એલએલપી કંપનીએ કરાર મુજબ મેળવેલા ૬૫ કરોડ બેંક મારફત ચુકવાયા હોવાથી આ નાણાનો જમીનો ખરીદવા ઉપયોગ કરાયાનું પ્રસ્થાપિત કરવા બેંક સ્ટેટમેન્ટ અને જમીનોના દસ્તાવેજો કબ્જે કરવા કવાયત હાથ ધરવામાં આવી છે. ગ્રીન હાઉસ એટલે કે પોલી હાઉસ પ્રોજેક્ટ હેઠળ હળદરના વાવેતર માટે ખેતીની જગ્યા લીઝ ઉપર આપી ૬૫ કરોડનું રોકાણ અને તેની સામે ૧ અબજ ૯૪ કરોડનો ૬ વર્ષમાં નફો આપવાના રાજકોટની ધર્મભકિત વેન્ચર પ્રા.લી. સાથે થયેલા કરારમાં મહારાષ્ટ્રની એએસ એગ્રીકલ્ચર એન્ડ એલએલપી કંપનીએ છેતરપીંડી કરી કરાર મુજબ



મુળ રોકાણ કે નફાનો એક રૂપીયો પણ મુદત વિત્યે નહિ ચુકવી છેતરપીંડી કરતા રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે મહારાષ્ટ્રની કંપની સાથે સંકળાયેલા ડાઇરેકટરો અને કર્મચારીઓ સહિત ઓગણીસ સામે ગુન્હો નોંધી ચાર આરોપીને ક્રાઇમ બ્રાંચે ઉઠાવી લઇ કોર્ટમાં રજૂ કરતાં દસ દિવસના રિમાન્ડ મંજુર થયા છે.

તપાસ દરમિયાન ક્રાઇમ બ્રાંચના હાથે ઝડપાઇ ગયેલા મહારાષ્ટ્રની કંપનીના આ ચારેય ભાગીદારો હર્ષલ મહાદેવરાવ ઓઝે (ઉ.વ.૪૯-રહે. જુની મુંબઇ પુણે રોડ કાલવા વે. થાણે), વૈભવ વિલાસ કોટલાપુરે (ઉ.વ.૫૧-રહે. જીબી રોડ વિજયનગરી થાણે), પ્રવિણ વામન પથારે (ઉ.વ.૩૯-રહે. રમેશવાડી બદલાપુર થાણે-મહારાષ્ટ્ર) અને હિરેન દિલીપભાઇ પટેલ (રહે. ઇસ્ટ મુંબઇ મુળ નાગપુર)ની ધરપકડ કરી હતી. આ ચારેયના ૧૭મી સુધી રિમાન્ડ મળતાં પીઆઇ મનોજ ડામોર અને ટીમે વિશેષ પુછતાછ કરતાં ઉપરોક્ત કબુલાત આપતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. અહિ ઉલ્લેખનિય છે કે બિગબજાર પાછળ જગન્નાથ પ્લોટ શેરી નં. ૨માં રહેતા પ્રશાંતભાઈ પ્રદીપભાઈ કાનાબાર (ઉ.વ.૩૨)ની ફરિયાદ પરથી એએસ એગ્રી એન્ડ એક્વા એલએલપી કંપનીના જે ૧૯ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરી હતી તેમાં સંદેશ ખામકર, પ્રશાંત જાડે, હિરેન પટેલ, રોહીત લોન્કર, કમલેશ ઓજે, સંદીપ સામંત, પ્રવિણ પથારે, હર્ષલ ઓજે, વૈભવ કોટલાપૂરે, સુરીન્દર ધીમંત, નિરંજન કડલે, જયંતા બાંદેકર, પ્રતિક શર્મા, સાંઇનાથ હાડોલે, સેન્થીલકુમાર નાદર, શંકર નાયર, અવિનાશ સાંગલે, શ્રીનિવાસ ભૂસેવર અને નવનીતસિંગ તુલીનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ મુંબઈ, નાગપુર સહિતના જુદા જુદા શહરોના રહેવાસી છે. આરોપીઓએ રાજકોટ, સુરત, જામનગર, કાલાવડ, હિમતનગર, ગાંધીનગર, વલસાડ, અમદાવાદ સહિતની જગ્યાએ હળદરની ખેતીના કોન્ટ્રાક્ટ ફાર્મીંગ એગ્રીમેન્ટ સાઇન કરી એડવાન્સ રૂપિયા મળવી લઇ પ્રોજેક્ટ પુરા ન કરી રૂપિયા ખાઇ ગયા હતાં. મહારાષ્ટ્ર જેલમાંથી સુત્રધાર સહિત ત્રણનો કબ્જો લેવા તજવીજ થઇ રહી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની રાહબરીમાં પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામરો, પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ વી. ડી. ડોડીયા, એ. એસ. ગરચર, એ. એન. પરમાર, એમ. કે. મોવલીયા, એએસઆઇ ભરતભાઇ વનાણી, ઘનશ્યામભાઇ મેણીયા, હિતુભા ઝાલા, સમીરભાઇ શેખ, હેડકોન્સ. અમિતભાઇ અગ્રાવત, સંજયભાઇ દાફડા, અશ્વિનભાઇ, સંજયભાઇ, સુભાષભાઈ, હરપાલસિંહ, સંજયભાઇ, મહાવીરસિંહ, પ્રદિપસિંહ, મોહીલરાજસિંહ, આદિત્યસિંહ, રામશીભાઇ સહિતના આ તપાસ કરે છે. સુત્રધાર સહિતના બીજા આરોપી હાથમાં આવ્યે હજુ વધુ નવા ધડાકા-ભડાકા થવાની શક્યતા નકારી શકાતી નથી.